જૉન વેસ્લી :

મેથોડિસ્ટ મંડળીનો સ્થાપનાર.

કર્ત્તા : રેવ. ફ્રેડરિક વુડ.

JOHN WESLEY :

FOUNDER OF THE PEOPLE CALLED METHODISTS.

BY REV. FREDERICK WOOD.

જૉન વેસ્લી:

થોડિસ્ટ મંડળીનો સ્થાપનાર.

JOHN WESLEY:

FOUNDER OF THE PEOPLE CALLED METHODISTS.

BY REV. FREDERICK WOOD.

કર્ત્તા: રેવ. ફ્રેડરિક વુડ, નડીઆદ.

આવૃત્તિ પહેલી પ્રત ૩૦૦.

અમદાવાદ.

આસાને ચકલે, ધી 'નટવર' પ્રિન્ટિંગ પ્રેસમાં
ભોગીલાલ નારણદાસ બોડીવાળાએ છાપ્યું.

સને ૧૯૧૩.

કિંમત રૂ. ૦-૨-૬.

સાંકળીયું.

શુદ્ધિ પત્ર.

પૃષ્ટ ૯, લીટી ૭, ૧૭૩૫ ની બદલે ૧૭૨૫ વાંચવું.



જૉન વેસ્લી.

The Bombay Art Printing Works, Fort.

જૉન વેસ્લી:

મેથોડીસ્ટ મંડળીનો સ્થાપનાર.

JOHN WESLEY:

Founder of the People called Methodists.

પ્રસ્તાવના.

માર્ચ ૨જી, ૧૭૯૧ ના રોજ મેથોડીસ્ટ નામે લોકોનો સ્થાપન કર્તા જૉન વેસ્લી મૃત્યુ પામ્યો. તે વાતને એકસો એકત્રીસ વર્ષ વીતી ગયાં છે. પણ જ્યાં સુધી બધા લોકો તેના વિષે એમ જાણે કે દુ-નીયામાં થઈ ગએલા સૌથી મહાન પુરૂષોમાંનો તે એક છે ત્યાં સુધી આ કાળમાં તેની કીર્તી વધતી જાય છે.

જે કામવડે પૃથ્વી પરના લગભગ સઘળા દેશોમાં પ્રભુ ઈસુ ખ્રીસ્તના આશીર્વાદો પ્રસારએલા છે તે કામ શરૂ કરવાને તે દેવના સાધન તરીકે વપરાયો હતો. ગયાં ૧૭૦ વર્ષમાં ગ્રેટબ્રીટન અને આયર્લાંડમાં જે અદ્ભૂત આત્મિક અને નૈતિક સુધારા થયા છે તે ઘણાખરા મેથોડીસ્ટપણાને લીધે છે.

આસ્ટ્રેલીયા, અમેરિકા અને કાનાડામાં તે લોકનો મુખ્ય પંથ થઈ પડયું છે. દરિયાઈ ટાપુઓમાં તેણે કરીને મનુષ્યાહારી જાતો તદન બદલાઈ ગઈ છે. તેનાવડે આફ્રીકાની જંગલી જાતો ઉન્નતી અને સુ-

ધરાએ પહોંચી છે. વળી હિંદુસ્તાન, ચીન, જાપાન અને કોરીયામાં તે ખ્રિસ્તના નામમાં ઘણી ફતેહ મેળવી ચૂકયું છે.

તે માટે તેના સ્થાપન કર્તા જૉન વેસ્લીનું જીવનચરિત્ર જાણવાજોગ છે. અને તેથી હમે દેવના આ પ્રસીદ્ધ પુરૂષનું ટૂંક જીવનચરિત્ર ગુજરાતમાં પ્રગટ કરીએ છીએ એ માટે કે ગુજરાતીમાંના હજારો મેથોડીસ્ટ બાન્ધવોને તથા બીજાઓને લાભદાયક થાય.

૧. તેનું બાળપણ.

જૉન વેસ્લીનો જન્મ ૧૭૦૩ ના જુનની ૧૭ મી તારીખે ઇંગ્લાંડના લીન્કન પરગણાના એપ્વર્થ ગામમાં થયો હતો. તે શમુએલ અને સુસાના વેસ્લીનો પુત્ર હતો.

પોતાના પીતા તરફથી તે આયરીશ વેસ્લી કુટુંબનો સગો હતો, કે જે કુટુંબમાંથી સર આર્થર વેસ્લી નામે મહાન્ યોદ્ધો પ્રથમ હિંદુસ્તાનમાં અને પછી યુરોપમાં થઇ ગયો, અને જે પ્રખ્યાત ડયુક ઑફ વેલીંગટન બન્યો હતો.

પોતાની માતા તરફથી તેના દાદા અર્લ ઑફ ઍંગલસીના ભત્રીજા રેવ. ડા. શમુએલ આનેસ્લી હતા જે તે વખતમાં સૌથી મોટા ઉપદેશકોમાંના એક હતા.

જ્યારે એપ્વર્થના પાદરીની જગ્યા ખાલી પડી ત્યારે તે શમુએલ વેસ્લીને આપવી એવી ઇચ્છા રાણી મેરીએ જણાવી હતી એમ મા-

જમ પડે છે. તેથી એપ્વર્થ કે જે સ્થળે કરીને સમુએલ વેસ્લીનું પોતાનું તથા પોતાના પ્રખ્યાત પુત્રનું નામ સંબંધ ધરાવવાનું હતું ત્યાં પોતાનું જુનું ગામ મૂકીને ૧૬૯૬ ની શરૂઆતમાં તે જવા નિકળ્યો. ૧૬૯૬ થી તે ૧૭૩૫ માં મરણ પામ્યો તે દરમ્યાન સમૂએલ વેસ્લી એપ્વર્થમં વીદ્વાન, મહેનતુ અને ઈશ્વિર ભક્ત પાદરી હતો. વેસ્લી કુટુંબમાં ૧૯ બાળકો હતાં. પણ તેમાંનાં ૯ બાળપણમાં ગુજરી ગયાં હતાં. જૉન વેસ્લીનો જન્મ થયો ત્યારે એન રાણીનું બારમું વર્ષ શરૂ થયું હતું.

વેસ્લી કુટુંબ સારા અમલ, ધર્મીપણું, ચંચળતા અને જ્ઞાનને લીધે વખણાએલું હતું. બાપ ઘર સંબંધી કામકાજમાં ખાસ ભાગ લેતો અને પોતાનાં બાળકોની વર્તણુક તથા ટેવો સુધારવાને અથવા તેમની ફરજ અને જીંદગીની સેવા બજાવવાની તેમની તૈયારીમાં મદદ કરવાને પોતાથી બની શકે તેટલું કરતો હતો. માતા કે જે દેશમાં થઈ ગએલી તેઓમાં સૌથી પ્રખ્યાત માતા હતી તે સુંદર, હોશીયાર, ઉત્સાહે ભરપૂર, આત્મિક મનવાળી અને જાણે તેમને માટે પોતાનું અર્પણ કરી દીધું હોય તેવી રીતે પોતાના પતી તથા બાળકો સાથે સંબંધ રાખતી હતી.

જૉન ૭ વર્ષનો થયો તે પહેલાં તેના બાપના ઘરનો આગથી નાશ થયો. જ્યારે આગ લાગી ત્યારે તેનો નાનો ભાઈ ચાર્લ્સ પુરા બે માસનો પણ નહોતો. અને તેથી તે, જૉન તથા પોતાની ત્રણ બહેનો

અને સાચવનારી આટલાં જણુ એક ઓરડામાં ભર-નીંદ્રામાં પડયાં હતાં. જાગી ઉઠયાં કે તરતજ સાચ-વનારીએ ચાર્લ્સને લઇ લીધો. અને બીજાંને કહ્યું કે મારી પછવાડે પછવાડે આવો. ત્રણુ બહેનોએ તે ક-હેવા મૂજબ કર્યું, પણુ જૉન ઉંઘમાં પડી રહ્યો. બાપે છોકરાં ભણુી જોતાં જોયું કે જૉન નથી. તેજ વખતે એક બૂમ સાંભળવામાં આવી. ગાંડા જેવા બની ગએલા પીતાએ બળતા દાદર પર ચઢવાનો યત્ન કર્યો. પણુ બની શક્યું નહિ. પછી બળતા ઓરડામાં પોતે ઘૂંટણુીએ પડયો અને બાળક બચી શકશે નહિ તેને લીધે નીરાશ થતાં દેવને તેની સોંપણુી કરી. તે દરમ્યાન જૉન એક પેટી પર ચઢીને સૂવાના ઓરડાની બા-રીએ ઉભો હતો. તેજ વખતે એકાએક વિચાર આ-વવાથી એક જણુ દીવાલને અઢેલીને ઉભો અને બીજો તેના ખભા પર ઉભો રહ્યો અને ભયાનક કડાકા સહીત છાપરૂં પડી ગયું તે અગાઉ એક ક્ષણુ પહેલાં બાળકને બારીમાંથી ઉતારી લેવામાં આવ્યું હતું અને “ અગ્નિમાંથી ઝડપી લીધેલું ખોરિયું ” તેમ તેનો સહિસલામત રીતે બચાવ કરવામાં આવ્યો.

આગમાંથી જૉન વેસ્લી ચમત્કારિક રીતે બચી ગયો હતો તે બનાવથી તેના પોતાના મન પર જે અસર થઇ હતી તેથી ઓછી અસર કાંઇ તેની માના મન પર થઇ નહોતી. પોતાના વિચાર પત્રમાં તેણુી લખે છે કે “ મારૂં આ બાળક કે જેનો જીવ તેં ઘણુી દયાએ કરીને બચાવ્યો છે તેના જીવને સારૂ હું અગાઉ સંભાળ રાખતી હતી તે કરતાં ખાસ રીતીએ સંભાળ રાખવાનો ઇરાદો રાખું છુંજ. જો

માટે કે તારા પવિત્ર ધર્મ અને સદ્‌ગુણના સિદ્ધાંતો હું તેના મનમાં થોડે થોડે રોપવાનો મારો પ્રયત્ન કરૂં. હે દેવ તે ખાસ દિલથી અને સમજણથી કરવાની કૃપા મારા પર કર અને મારા પ્રયત્નમાં મને સારી સફળતા મળે તે માટે આશીર્વાદ દે." આ માતાનો હેતુ સાચવી રખાયો અને તેની પ્રાર્થનાનો પ્રત્યુત્તર મળ્યો.

વેસ્લીની બાલ્યાવસ્થા સંબંધીની ખબર ઘણીજ ઓછી છે. પોતાના પીતાનાં બીજાં બાળકોની માફક વેસ્લીને પણ તેની માતા તરફથી પ્રાથમીક કેળવણી મળેલી હતી. પુત્રોને લંડનની શાળામાં મોકલવામાં આવ્યા ત્યાં સુધી વેસ્લી મડમ સાહેબ પોતાના પતીની મદદ સહીત પુત્રો તથા પુત્રીઓને ખાસ ભણાવતી હતી.

ઠેઠ બચપણથી જૉન પોતાના ગંભીર અને અજ્યારસી સ્વભાવથી પંકાએલો હતો. અને જે કાંઈ તે કરતો તેનો પોતાની બુદ્ધિ મુજબ જવાબ આપી શકાય તેવી રીતે કરતો. જે કાંઇ તે કરતો તેને સારૂ તે યથાર્થ અને વ્યાજબી છે કે નહિ એ વાતનો વિચાર કર્યા સિવાય તે કદી કરતો નહિ. પોતાની વિચારપૂર્વક બુદ્ધી ઉપરાંત તેનામાં એક નિષ્ઠા હતી.

જાણવા જોગ વાત એ છે કે તેની વર્તણુક એવી સારી હતી કે જ્યારે તે કેવળ આઠ વર્ષનો હતો ત્યારે તેના પીતાએ તેને પ્રભુ ભોજન સંસ્કારમાં બેસાડ્યો.

આઠ અને નવમા વર્ષની વચ્ચે તેને બળીઆ નીકળ્યા. પણ તે ભયંકર પીડા તેણે બહાદુરીથી અને ખ્રીસ્તી માણસને ઘટે તેવી દ્રઢતાથી સહન કરી.

૨. નીશાળ તથા પાઠશાળામાં.

હજી તો વેસ્લી સાડા દસ વર્ષની વયનો બાળક હતો એટલામાં તો તે પોતાની માતાના વાલીપણામાંથી નીકળીને લંડન શહેરમાં "ચાર્ટરહાઉસ" નીશાળમાં શિષ્ય બન્યો. આ પ્રખ્યાત શાળામાં પોતાના પુત્રને દાખલ કરાવાનો આભાર તેના બાપ ઉપર મીત્રાચારીની ખાતર ડયુક ઓફ બકીંગહામ કે જે તે વખતે બાદશાહી કુટુંબનો લૉર્ડ ચેમ્બરલેન હતો. તેણે કરેલો છે. હક મોટા હતો અને પોતાના મરણના દિવસ પર્યંત જૉન વેસ્લી બાળપણમાં જે જગ્યાએ કેળવણી પામ્યો હતો તે જગ્યાને ચહાતો હતો. અને તેનાં ધોરણો વરસમાં એક વાર તપાસી જવાની તેને ટેવ પડી હતી. તેને દુઃખ થયા વગર રહેતું નહિ. તો પણ તે બહાદુરીથી સહન કરતો હતો. એક દરિદ્રી પાદરીના ગરીબ બાળક તરીકે વેસ્લી નિશાળમાં દાખલ થયો. અને તેને ઓછાં વત્તાં દુઃખો અને અપમાનો સહન કરવાં પડતાં હતાં. બાળક હતો ત્યારેજ આનંદી સહનશક્તિથી સહન કરતાં તે શીખ્યો હતો. નિશાળ છોડી ત્યારે જો કે તે સોળ વર્ષની વયનો હતો તો પણ પોતાની સદ્વર્તન, બીન હરીફ ધીરજ, ખંત અને વત્તા અભ્યાસથી તેણે પોતાના સાથીઓમાં ઉચો દરજ્જો મેળવ્યો.

કમ ભાગ્યે બીજી પણ એક વાત વધારે ગંભીર

છે. જ્યારે વેસ્લી આ શાળામાં અભ્યાસ કરતો હતો ત્યારે જે ધર્મે કરીને બાળપણથી તેની વર્તણુક વખણાઈ હતી તે ધર્મ તેણે ગુમાવ્યો. પોતાના વૃત્તાંતના આ સમય વિષે લખતાં તે કહે છે કે "બહારનાં બંધનો દૂર કર્યાં બાદ હું આગાઉ કરતાં પણો બેદરકાર બન્યો. બાહ્ય ફરજો સંબંધી વધારે બેદરકાર બન્યો અને વારંવાર બહારના અપરાધોના પાપમાં પડતો કારણ કે હું તેમ ધારતો હતો, જો કે દુનીયાની નજરમાં તેઓ લજ્જાકારક નહોતાં છતાં હજી હું શાસ્ત્રની ચોપડીઓ વાંચતો હતો અને સાંજસવાર પ્રાર્થના કરતો હતો. અને આ વખતે જેનાંથી તારણ થાય એમ હું આશા રાખતો હતો તે એ હતું કે, ૧, હું બીજા લોકોના જેવો ખરાબ નથી; ૨, હજી પણ ધર્મને માટે મમતા છે; અને ૩, શાસ્ત્ર વાંચવું, દેવળમાં જવું અને મારી પ્રાર્થના કરવી."

૧૭૨૦ માં ઑક્સફર્ડની ક્રાઈસ્ટચર્ચ નામે પાઠશાળામાં કે જે સૌથી ઉત્તમ અને જાણવાજોગ પાઠશાળા છે, તેમાં વેસ્લી પસંદ કરાયો. અને આ ઠેકાણે ૧૭૨૫ માં તેની દીક્ષા થઇ ત્યાં સુધી તે રહ્યો. આ સમય સંબંધી લખતાં તે કહે છે કે "હજી પણ હું જાહેર તથા ખાનગીમાં પ્રાર્થના કરતો હતો, અને શાસ્ત્ર સાથે ધર્મની બીજી ઘણી ચોપડીઓ તેમાં ખાસ કરીને નવા કરારની ટીકા વાંચતો હતો. તોપણ આ બધો વખત મારામાં અંદરની પવીત્રાઇનો ખ્યાલ પણ નહોતો. અને જો કે પવિત્ર સંસ્કાર (પ્રભુ ભોજન) કે જે હું વર્ષમાં ત્રણવાર લેતો હતો, તે પહેલાં અને પછી મારામાં કેટલાક અટકાવ અને

બારીક ઝઘડા ચાલ્યા કરતા હતા તોપણ ટેવ પડ-વાથી અને ઘણુંકરીને બહુ સંતોષથી હું કોઇક જાણીતા પાપમાં ચાલ્યો જતો હતો. ”

ઑક્સફર્ડમાં વેસ્લીએ પહેલાં પાંચ વર્ષ ગાળ્યાં તે દરમ્યાન તેની આવી હાલત હતી. નિશાળમાં, વિદ્વત્તાને લીધે જે માન તેણે મેળવ્યું હતું તે તેણે જાળવી રાખ્યું. પણ તેની નૈતીક અને ધાર્મીક વર્તણુકમાં કાંઈ ફેરફાર થયો નહોતો.

આખા વેસ્લી કુટુંબની માફક તે આનંદી અને ચાલાક સાથી હતો તેમજ જ્ઞાને અને તુરંગીબરેલો હતો. વારંવાર કવીતાઓ બનાવીને તે આનંદ પામતો હતો.

જ્યારે વેસ્લી ઑક્સફર્ડ ગયો ત્યારે તેની તબીયત ઘણી નબળી પડી ગઇ હતી. પણ આ વખતે તબીયતને લીધે તેને ઘણો સાદો ખોરાક ખાવાની જરૂર પડી. નાણાં સંબંધી બીડને લીધે પણ તેને ફાંફાં મારવાં પડતાં હતાં. અલબત્ત ચાર્ટરહાઉસના વીદ્યાર્થી તરીકે તેને રૂ. ૬૦૦ ની વાર્ષીક રકમ મળતી, પણ તે ઘણી કરકસર કર્યા છતાં પાઠશાળામાંના શિષ્યના ખર્ચને માટે બસ પડતી નહોતી.

૩. પાદરીપણાની તૈયારી તથા દિક્ષા.

વેસ્લી ઑક્સફર્ડ ગયો ત્યારે પાદરી બનવાનો તેનો ઇરાદો કે ઇચ્છા હતી તે જણાવવાની કોઇ સાબીતી નથી. ખરી વાત છે કે દિક્ષા લીધા મળ્યા પછી ચાર્ટરહાઉસના ચલાવનારાઓ તેને પોતાની ઇચ્છાનુસાર પાદરીનું કામ સોંપે. પણ વેસ્લી ઘણો ઉમદા સ્વભાવનો હતો અને કેવળ પો-

નાની રોટલીને માટે ખ્રીસ્તી સેવાના કામમાં દાખલ થાય એવો તે નહોતો પણ ઉંચા મતનો માણસ હતો. પોતાના ભાઈ શમુએલની માફક શીક્ષકનો ધંધો કરવાને પોતાનું અર્પણ કરવાનો ઇરાદો તો કદાપી તે રાખે અથવા તો ગુજારાનો બીજો કોઇ ઉપાય શોધી કહાડે. ખરી વાત છે કે પાઠશાળામાં ચાર વર્ષ ગાળ્યા બાદ ૧૭૩૫ ની શરૂઆતમાંજ તેણે ખ્રીસ્તનો સેવક થવાની ઇચ્છા જણાવી. આ વાત તેનાં માબાપને કહેવામાં આવી અને તેઓ બન્નેએ પોતાથી બની શકે તેવી સારી શિખામણ તેને આપી. તેના બાપે તેને કહ્યું કે "પરમેશ્વરની સેવાના કામમાં દાખલ થવાનો તારો ખાસ હેતુ એલીના દિકરાઓની માફક રોટલી ખાવાનો હોવો જોઇએ નહિં, પણ દેવનો મહિમા કરવો અને મનુષ્યોનું સારૂં કરવું એ હોવો જોઇએ. અને તેનાં પવિત્ર કાર્યોને સારૂ લાયક બનવાને પવિત્ર શાસ્ત્રો તેની અસલ ભાષામાં પૂર્ણ અભ્યાસ કરેલો હોવો જોઇએ." અને આવું પગલું ભરવા સંબંધી તેણે પ્રાર્થના અને અભ્યાસ કરવાનું તેને ઉત્તેજન આપ્યું.

હવે વેસ્લી ખંતથી ઇશ્વરવિદ્યાનો અભ્યાસ કરવામાં રોકાયો. તે લખે છે કે "જ્યારે હું બાવીસેક વર્ષનો હતો ત્યારે ધર્માધ્યક્ષનો અમલ કરવાનું દબાણ મારા બાપે મારા પર કીધું. તે વખતે ઇશ્વરેચ્છાનુસાર કેમ્પીસનું 'ખ્રીસ્તીનો નમૂનો' આ પુસ્તક તરફ મારૂં ધ્યાન ગયું. તે વાર્તાથી મને માલમ પડવા લાગ્યું કે ખરો ધર્મ અંતઃકરણમાં રહેલો છે. અને દેવનો નિયમ આપણા સર્વ વિચારો,

વાતો અને કામોમાં રહેલો છે. છતાં કેમ્પીસ પ્રત્યે હું ગુસ્સે ભરાયો કારણ કે તે ઘણું સખ્ત હતું. તોપણ તે વાંચવાથી મને ઘણો સારો દિલાસો મળેલો હતો. અગાઉ મારે કોઈ ધર્મી દોસ્ત હતો નહિ પણ હવે એવો મિત્ર મળવાથી હું મારી વાતચીતનું આખું રૂપ બદલવા લાગ્યો અને નવી જીવનવૃત્તીમાં ઉત્સાહથી શરૂઆત કરવા લાગ્યો. ધર્મ સંબંધી કામને સારૂ મેં દરરોજ એક બે કલાક જુદા કહાડયા. દર અઠવાડીએ હું પ્રભુ ભોજન લેતો હતો. વાત અને કામમાં સઘળાં પાપ સંબંધી હું સાવચેત રહેતો હતો. માંહેની પવિત્રાઇ મેળવવાને હું તાકવા તથા પ્રાર્થના કરવા લાગ્યો. અને તેથી હવે આ વખતે હું એવી સારી રીતે રહેતો અને એવી સારી જીંદગી ગાળતો હતો કે હું સારો ખીસ્તી છું એનો મને સંદેહ નહોતો ”

આ વખતે વેસ્લી કેમ્પીસ અને બીશપ જેરમી ટેલરનાં બનાવેલાં પુસ્તકો વાંચતો હતો તથા બે મહાન સીદ્ધાંતો પાછળ ફાંફાં મારતો હતો અને તેણે કરીને આગળ જતાં તેની સેવાનું કામ પ્રખ્યાતી પામ્યું. એટલે કે (૧) દેવ સર્વના ઉપર પ્રીતિ કરે છે, અને (૨) જાણીતા તારણની હાલતમાં રહેવાનો સૌને હક આપે છે. આ તથા બીજા વિષયોથી તે ગુંચવાયો.

વેસ્લીએ તેમનાં બનાવેલાં પુસ્તકો વાંચ્યાં તેથી શો લાભ થયો ? “ પવિત્ર જીંદગી ગાળવાનાં અને મરણ પામવાના નિયમો ”નું બીશપ ટેલર કૃત પુસ્તક વાંચવાથી તેમાં જે શિખામણ આપેલી હતી

તેની પછવાડે લાગવાથી તેનો વખત ગાળ્યાનો જે નોંધ રાખતો હતો તે વધારે ચોકસાઈથી રાખવા લાગ્યો. એટલે સુધી કે દરેક કલાક હું કેવી રીતે ગાળતો હતો તે પણ લખી રાખતો. કેમ્પીસ અને ટેલરનાં પુસ્તકો વાંચવાથી બીજો પણ એક ઘણો અગત્યનો બનાવ બન્યો તે એ કે જીંદગીમાં કુલ ફેરફાર થઇ ગયો. તે લખે છે કે, "મેં જોયું કે જો હું મારી આખી જીંદગી દેવને સોંપી દઉં અને મારૂં આખું અંતઃકરણ તેને ન સોંપું તો મને કશો લાભ નથી. મેં જોયું કે ઇરાદાની સાદાઇ, પ્રેમની શુદ્ધતા, જે કાંઇ બોલીએ છીએ અને કરીએ છીએ તેમાં અને આપણા મીજાજને તાબે રાખવામાં એક ઇચ્છા એજ ખરેખર આત્માની પાંખો છે અને તેના વિના તે કદી દેવ પાસે ચઢી જઇ શકે નહિ. ત્યારથી મેં આમ કરવાનો પ્રયત્ન કીધો. મેં મારી આખી જીંદગી એટલે મારા સર્વ વિચારો, વાતો અને કામો દેવને અર્પણ કરવાનો નિશ્ચય કર્યો. કારણ કે મને પુરી ખાત્રી થઈ હતી કે બીજું કોઇ સાધન નહોતું. પણ મારી જીંદગીનો એટલે મારો દરેક ભાગ કાંતો દેવને કે શેતાનને અર્પણ થાય."

ત્યાંથી વેસ્લીના જીવન ચરીત્રમાં બદલાણ થઇ જાય છે. ત્યાર પછી તેર વર્ષે તેને ખાતરી થઇ કે ખ્રીસ્ત પરના વિશ્વાસને આશરે તારણ પામી શકાય છે. પણ આ વખતથી તેનો બધો હેતુ એ હતો કે દેવ તથા પોતાના સાથીઓની સેવા કરવી અને સહિસલામત સ્વર્ગ મેળવવું. એના જેવો કોઈ ખરા હિંમતનો, ઉત્કંઠીત, ધર્મશીળ ખ્રીસ્તી અને પોતાનો નફો

કરનારો થઇ શકે નહિ. છતાં તે પણ આ લાંબા વખતમાં તે રસ્તો અને અંધારામાં શ્રમ ઉઠાવ્યા કર્યો.

ધર્મ સંબંધી આગળ જતી કેટલાંક પુસ્તકો વાંચવાથી વેસ્લીના મનમાં હજી પણ કેટલાક શક હતા, પણ વેસ્લીએ સૌથી સાવચેતીભરેલી સંભાળપૂર્વક પોતાને પ્રભુની સેવાને સારૂ તૈયાર કરેલો હોવાથી ૧૭૨૫ ના સપ્ટેમ્બરની ૧૯ મી અને રવીવારને રોજ ડીકન તરીકે તેની દીક્ષા કરવામાં આવી.

જે વર્ષે વેસ્લી ચાર્ટરહાઉસની શાળામાં દાખલ થયો તે વર્ષે ઍન રાણી મરણ પામી અને તેની પછી ઇંગ્લાંડની ગાદી પર હાનોવરનો "ઇલેક્ટર" જ્યૉર્જ પહેલો આવ્યો. તે દરમ્યાન ઘણી રાજકીય અશાંતી હતી.

૪. ઑક્સફર્ડની લીન્કન કૉલેજનો ફેલો.

ડીકન તરીકે દિક્ષા મળ્યા પછી તેણે પોતાનો અભ્યાસ ઇશ્વરી જ્ઞાનમાં અને પુસ્તકો રચવામાં આગળ વધાર્યો. વર્તણુંક અને પાંડિત્યની તેની કીર્તિ એટલી બધી ફેલાઇ ગઇ કે ૧૭ માર્ચ, ૧૭૨૬ ને દિવસે તેને ઑક્સફર્ડ યુનીવર્સીટીની લીન્કન કાલેજમાં ઉપાધ્યાનો (ફેલો) હોદ્દો મળ્યો, જે ઘણોજ માનભરેલો અને લાભકારક હોદ્દો ગણાતો. અને પાછળથી સુવાર્તા પ્રગટ કરવાનું કામ તેણે આરંભ્યું તેમાં તે પ્રતિષ્ઠા તેને ઘણી મદદરૂપ થઇ પડી. લીન્કન કાલેજમાં એક પાઠશાળાનો મુખ્ય અધિકારી, બાર ઉપાધ્યા અને બે પાદરી કામ કરતા હતા. તેને ઉપાધ્યાઓનો પ્રેસીડન્ટ નિમવામાં આવ્યો હતો.

તે વરસનો ઉનાળો તેણે પોતાના બાપને ઇશ્વરી કામની મદદમાં એપ્વર્થમાં અને રૂટમાં ગાળ્યો. અને ત્યાંથી તા. ૨૧ સપ્ટેમ્બર, ૧૭૨૬ ના રોજ તે ઑક્સ્ફર્ડ પાછો ગયો. વિદ્યા સંપન્ન સંબંધીના તેના ગુણ આખી યુનીવરસીટીમાં ગવાવા લાગ્યા. અને સઘળા માણસો કબુલ કરતા હતા કે તે ઘણો હોંશીઆર અને વિદ્વાન માણસ છે. ન્યાયશાસ્ત્ર અને વાદવિવાદમાં તેની ચાલાકી ધ્યાનમાં લેવા જેવી હતી. જો કે તે ૨૩ વરસની ઉમ્મરનો હતો તોપણ નવેમ્બરની સાતમી તારીખે તેને ગ્રીકમાં ભાષણ કરનાર અને કૉલેજની બધી વર્ગોનો પ્રમુખ નિમવામાં આવ્યો હતો. આખરે ૧૪ ફેબ્રુઆરી ૧૭૨૭ ને દિને તેણે એમ. એ.ની ડિગ્રી મેળવી.

તેનો બાપ તો ઘરડો માણસ થયો. ને તેને પક્ષપાતનો રોગ લાગ્યો હતો. ૧૭૨૭ ના ઑગસ્ટમાં તે પોતાના બાપના મદદનીશ તરીકે એપ્વર્થ ગયો. સપ્ટેમ્બર ૨૨, ૧૭૨૮ ને દિને તેને પાદરીની દિક્ષા મળી, ને રૂટમાં રહ્યો, જ્યાં તેણે ઉપદેશકનું ને પાદરીનું કામ કર્યું.

તેનું કામ આગળ ચાલ્યું હોત પણ કૉલેજના રેક્ટરે (પ્રમુખે) તેને યુનીવર્સીટીમાં પાછા આવવા માટે વિનંતી કરી, અને તે નવેમ્બર ૨૨, ૧૭૨૯ ને દિવસે ત્યાં ગયો. તેણે ગ્રીકમાં ભાષણકર્તાનું કામ પાછું શરૂ કર્યું, ને અહિંયાં તેણે ૧૭૩૫ સુધી કામ કર્યું.

૫. ઇંગ્લાંડની હાલત.

વેસ્લીના વારામાં ઇંગ્લાંડ ઘણી ખરાબ હાલતમાં હતું. રોમન કેથોલીક મતની વીરૂદ્ધ લોકોએ જે તકરાર ઉઠાવી હતી તેથી રાજ્યધર્મ સંપ્રદાય, એટલે ચર્ચ ઓફ ઇંગ્લાંડ, ઉભો થયો, એટલે કે નામનો પ્રોટેસ્ટન્ટ મત, એટલે પોપની સત્તા નહિ માનનારો. પણ આત્મિક પરાક્રમની તેમાં ખોટ હતી. જે લોકો પાદરીના કાવાદાવા અને રોમના પોપની નિરંકુશ સત્તા વગરનો શુદ્ધ ખ્રીસ્તી ધર્મ ઇચ્છતા હતા તેઓએ મૂર્તિઓ, ઢોંગ, નાગો ભપકો અને ક્રીયાઓ તથા બાહારના ઠાઠમાઠવાળો રોમન કેથોલીક ધર્મ તજી દીધો હતો. પણ હજી સુધી આત્મિક બળ કે જે પ્રોટેસ્ટન્ટ ખ્રીસ્તી ધર્મનું મૂળ તત્વ છે તે તેમને મળ્યું નહોતું: એટલે કે જે નવા કરારનો અને પ્રેરીતોની મંડળીનો ખ્રીસ્તી ધર્મ છે તે.

ફ્રાન્સમાં ભ્રષ્ટ ખ્રીસ્તી ધર્મ કે જે લોકોએ રોમન કેથોલીક પંથમાં જોયો હતો તેથી કંટાળી જઇને તેઓએ ધર્મ સંપૂર્ણ રીતીએ વેગળો મૂક્યો હતો, અને નાસ્તીક પ્રજા બની ગયા હતા.

આ જુસ્સો અને બીનધાર્મીકપણાની સાથે જે સઘળી ભુંડાઈ સાથે આવે છે તે ઇંગ્લાંડમાં પણ ગયું હતું. બેઈમાનીપણું ઘણા જોસભેર ચાલતું હતું. રાજાનો દરબાર ભૃષ્ઠ થઈ ગયો હતો. લોકોની વર્તણુક ઘણી ખરાબ હતી. શાબ્બાથ વાર અશુધ્ધ કરાતો હતો. પ્રખ્યાત રાજદ્વારી માણસો તે અવીશ્વાસી હતા. સર્વ ઠેકાણે દારૂ પીવા દેવામાં આવતો, અને ખરાબ જાત તથા લફંગાપણું કરવા દેવામાં આવતાં. ગુનેહગાર

વર્ગના લોક જન સમાજને ભય સમ હતા. ઘણુંકરીને લોકો ઘણા ગરીબ, અજ્ઞાન અને ઘાતકી હતા. તેમનામાં ધર્મ કે કેળવણીને લગતો સુધારો કરવાનો કશો યત્ન કરવામાં આવતો નહી. નિશાળો ઘણી થોડી હતી અને તે પણ તવંગર લોકને માટેજ.

ઇંગ્લાંડનો રાજ્ય ધર્મ કજીઆ અને જુલમથી ભરપુર હતો. જેઓ રાજ્ય ધર્મના રૂપ પ્રમાણે ભજન નહિ કરતા તેઓની સખત્ત સતાવણી કરવામાં આવતી હતી. અને જે પંથો રાજ્ય ધર્મને અનુસરતું કરતા નહિ તેઓ પોતાની ધાર્મીક જીવનવૃત્તીમાં ઠંડા અને નિયમીત હતા. ઍન રાણી તથા જૉર્જ પહેલા અને બીજા રાજાના વખતમાં જે લડાઇઓ અને કાવતરાં થયાં હતાં તેથી શુદ્ધ અને આત્મિક ધર્મનો ઉદય થવાનો તથા પુરો જાગૃતમાં આવવાનો તેને ઘણો પ્રસંગ મળ્યો નહોતો. આ ઉપરાંત, લોકો ધર્મ તથા મંડળીઓના સામાવળીઆ થયા હતા.

જ્યારે આત્મિક બાબતનું અંધારૂં ઘણુંજ ચાલતું હતું ત્યારે મેથોડીસ્ટ મત શુદ્ધ સુવાર્તાનો પ્રકાશ પાડવાને તથા જુનો ખરો ખ્રીસ્તી ધર્મ પાછો જાગૃત કરવાને પ્રગટ થયેલ. અધીક દુષ્ટતાના આ સમયમાં જે સુધારાથી અજાયબ જેવાં કામો થયાં અને અંગ્રેજી પ્રજાની બધી રીતભાત બદલાઇ ગઈ તેની શરૂઆત કરવાની હતી. કારણ કે એ તો નીઃસંદેહ છે કે મોટા મોટા ઈતીહાસકારો કહી ગયા છે તે પ્રમાણે આ સુધારો જો દાખલ ન થયો હોત તો ઇંગ્લાંડની ગાદી ઉથલપાથલ થઈ ગઈ હોત અને ફ્રાન્સની માફક ઇંગ્લાંડમાં પણ ભયંકર અને લોહીની રેલછેલ-

વાળું બંડ થયું હોત. જૉન વેસ્લી અને મેથોડીસ્ટ મતે ઈંગ્લાંડને બચાવ્યું.

૬. "હોલી કલબ" અને પ્રથમ મેથોડીસ્ટ લોક.

૧૭૨૯ ના નવેમ્બરમાં જૉન વેસ્લી ઑકસફર્ડ પાછો આવ્યો ત્યારે તેણે પોતાના નાના ભાઈ ચાર્લ્સને પાઠશાળા તથા શહેરમાં ચાલતું બેધ્યાનીપણું તથા દુષ્ટતા સુધારવાની મહેનત કરતો જોયો. તેના ભાઈની સાથે બીજા પણ કેટલાક હતા. અંતઃકરણથી જૉન વેસ્લી તેમની સાથે જોડાયો અને થોડી વારમાં તેમનો આગેવાન બન્યો.

પ્રથમ તો ઈશ્વરવિદ્યાનો અભ્યાસ કરવા સારૂ દર રવીવારે સાંજે એકઠા મળવાની તેઓએ કબુલાત કીધી. પછી તેઓ કેદખાનામાંના કેદીઓ અને શહેરમાંના માંદા તથા દરીદ્રીઓની મુલાકાત લેવા લાગ્યા. પોતાની સઘળી જરૂરીયાતો પુરી પડતાં જે કાંઈ પૈસા બચે તે બધા પૈસા આપી દેવા એ તેમનો રીવાજ હતો. પોતાનાં કામ, વાતચીત અને સ્વભાવ કેવા હતા તે નક્કી કરવાને તેઓનો એકજ નિયમ હતો તે એ કે શાસ્ત્ર. તેમની ઈચ્છા એ હતી કે શાસ્ત્ર પ્રગટ કરનારા ખ્રીસ્તીઓ થવું. તેમનો હેતુ એ હતો કે ધાર્મીક અને ઉપયોગી જીંદગી ગાળવાને પોતાનું અર્પણ કરવું. ઈંગ્લાંડના રાજ ધર્મની કર્મ તથા ભજન પદ્ધતિને તેઓ ચહાતા હતા અને ખરેખર તેઓ તેજ ધર્મની કર્મ પદ્ધતિ માનનારા હતા, કારણ કે પ્રભુ ભોજનમાં દર અઠવાડીએ ભાગ લેવા ઉપરાંત તેઓ બુધ અને શુક્રવારને ઉપવાસના દિવસ તરીકે

પાળતા હતા. જે સમાઓ તેઓ ભરતા તે ઘણી ધાર્મીક હતી.

આત્મિક બાબતના અંધારા અને બીનધાર્મીકપણાના આ સમયમાં જુવાન માણસોની આવી ટોળીએ લોકોનું ઘણું ધ્યાન ખેંચ્યું. અને થોડીવારમાં તેઓ વિષે ઠેરે ઠેર વાતો થવા લાગી. પોતાની નિમકહલાલ મહેનતને લીધે તેમના સાથી વીદ્યાર્થીએ તેમનો તિરસ્કાર કરવા લાગ્યા. તેમના ધાર્મીકપણાનો લીધે તેઓએ તેમનું "હોલી કલબ," એટલે "પવિત્ર સમાજ," એવું નામ પાડયું. અને ધર્મની બાબતો બરાબર નિયમીત પણે પાળતા હતા તથા જીવન વૃત્તી વર્તણુકની બાબતમાં બરાબર ચોક્કસ હતા તેથી અને તેઓએ તેમનું "મેથોડીસ્ટ," એટલે ચોક્કસ મત પ્રમાણે ચાલનાર, એવું નામ પાડયું.

પાછળથી પડેલું આ તિરસ્કારરૂપી નામ એટલે મેથોડીસ્ટ એ તેઓનું નામ પડી રહ્યું અને તેથી તેઓ લોકોમાં જાણીતા થઇ પડયા. અને જે જુવાનો તેનો નાશ કરવા માગતા હતા તેમનાં નામ અમર કર્યાં. કારણ કે જીવનવૃત્તી તથા ધાર્મીકપણામાં જેવા બનવાની તેઓની ઇચ્છા હતી તેવા તેમને આ શબ્દ બરાબર રીતે દેખાડતો હતો તે જોઇને સદહું જુવાનોએ તે નામ પોતા પર ધારણ કર્યું. અને ત્યારથી જે કોઇ તેમની સંગાતે કાંઇપણ સંબંધ રાખે તેમને એ નામ આપવામાં આવતું હતું.

"હોલી કલબ" ના આ સભાસદોમાંના કેટલાકનાં નામ આપણે હાં જણાવીશું. સૌનો આગેવાન જૉન વેસ્લી હતો જેના વિષે આપણે હાં લખીએ છીએ.

પછી તેનો ભાઇ ચાર્લ્સ વેસ્લી જે તે સમાજનો કવી હતો. આ માણસ પોતાની પછવાડે અસંખ્ય બીનહરીફ ગાયનો મૂકી ગયો છે કે જે હાલ આખી દુનીયાની સઘળી મંડળીઓમાં ગવાય છે. જૉર્જ વ્હાઇટફીલ્ડ કે જે સૌથી હોશીયાર ઉપદેશક નીવડ્યો. તે એક મહાન ધર્મ પ્રસારો કરનાર કે ઉપદેશકોના રાજકુમાર તરીકે ઇંગ્લાંડ અને અમેરીકામાં ફર્યો, તેના ઉપદેશથી લાખો પાપીઓ પાપમાંથી ન્યાયીપણા તરફ અને શેતાનની પાસેથી દેવ તરફ ફર્યા. જેમ્સ હર્વી કે જેણે અંગ્રેજી ભાષામાં સૌથી પ્રસન્ન કરવા લાયક ભાષણો લખ્યાં.

આ ઇશ્વરભક્ત જુવાનો અથવા પ્રથમ મેથોડીસ્ટ લોકની આ ટોળીની જીવન વૃત્તી તથા મહેનતથી માનવજાત ઉપર એટલો અધીક આશીર્વાદ આવેલો છે કે એટલો પ્રેરિતોના જમાના પછી કદી આવ્યો નથી.

૭. વેસ્લી અને ઑક્સફર્ડમાંનું મેથોડીસ્ટપણું.

૧૭૨૯ની સાલમાં વેસ્લીએ બે પુસ્તકો વાચ્યાં. એક તો "ક્રીશ્ચીયન પરફેક્શન" એટલે ખ્રીસ્તીની સંપુર્ણતા, અને બીજું "સીરીયસ કૉલ" એટલે ગંભીર તેડું. આ પુસ્તકોનો બનાવનાર મી. લૉ હતો. તેણે કહ્યું છે કે "માણસ અર્ધો પર્ધો ખ્રીસ્તી હોઇ નહિ શકે એ વાતની તેઓથી મને ખાતરી થઈ. અને મેં નિશ્ચય કીધો કે દેવની કૃપાવડે તેને સારૂ પુરેપુરૂં અર્પણ થવું, એટલે કે તેને મારૂં તન, મન અને ધન અર્પી દેવું."

શાસ્ત્ર તેનું સૌથી ઉપીયોગી રસીક પુસ્તક બન્યું. તેના મનથી તે સત્યની એકની એક ધ્વજા અને શુદ્ધ

ધર્મનો એકનો એક નમૂનો હતું. ખ્રીસ્તને જે મન હતું તેવું મન હોવાની જરૂર છે, તે વાતનો અને ખ્રીસ્ત ચાલ્યો તેમ ચાલવું એટલે કે ઇશ્વરી ગુરૂના જેવી અંદર અને બહારની અનુકૂળતાનો તે અગાઉના કરતાં વધારે વિચાર કરતો હતો.

ગરીબોને જે દાન ધર્મ તે કરતો તે ઘણું હતું. જે કાંઈ ગરીબોને માટે વધારે સારી રીતે વાપરી શકાય તે પોતાને સારૂ વાપરવાની તે ના પાડતો હતો. જ્યારે તેને વાર્ષીક રૂા ૪૫૦) મળતા હતા ત્યારે તે રૂા. ૪૨૦) માં પોતાનો ગુજારો ચલાવતો અને રૂા ૩૦) આપી દેતો. ફરી બીજે વર્ષે તેને રૂા. ૯૦૦) મળ્યા. અને તોપણ ૪૨૦) માંજ ગુજારો ચલાવ્યો, અને રૂા. ૪૮૦) આપી દીધા. ત્રીજે વર્ષે તેને રૂા. ૧૩૫૦) મળ્યા, પણ તેણે ૪૨૦) માં ચલાવ્યું અને ૯૩૦) આપી દીધા. ચોથે વર્ષે તેની આવક રૂા. ૧૮૦૦) થઇ, ત્યારે પણ તેણે ૧૩૮૦) આપી દીધા અને અગાઉની માફક ૪૨૦) માં ગુજારો ચલાવ્યો. અને આ પ્રમાણે તેણે પોતાની બાકી જીંદગી પર્યંત કર્યું, પૈસાનો ઉપયોગ કરતાં તેને બરાબર આવડતું હતું.

તેજ પ્રમાણે પોતાના વખતનો ઉપયોગ કરતાં પણ તેને આવડતું હતું, અને આ વખતે તેણે એક રિવાજ પસંદ કર્યો કે જેના વિષે તેણે ત્યારબાદ સાઠ વર્ષે લખાણ કર્યું કે "એ નિયમ કર્યા પછી હું ઇશ્વર કૃપાએ દર સ્હવારે ચાર વાગે ઉઠગો છું."

૧૭૩૦ માં કૉલેજના કામ સિવાય તેણે ઑકસફર્ડની પાસે એક મંડળીના પાદરીની જગ્યા લીધી. કારણ કે તેથી પોતાને વપરાવાનું બીજું એક ક્ષેત્ર

ઉત્પન્ન થયું અને તેથી તે સારાં કામને અર્થે પોતાના પૈસા વાપરી શક્યો.

૧૭૩૧ માં મેથોડીસ્ટ ટોળીના ઘણા સામાવાળીઆ થયા અને તેની વૃદ્ધી થતી અટકાવવાને ઘણા ઉપાયો કરવામાં આવ્યા. વેસ્લી ઑકસ્ફર્ડથી થોડી મુદ્દત બહાર ગયો તે દરમ્યાન તે લગભગ બંધ પડી ગઇ હતી. બીજે વર્ષે ફરીથી ટોળી વધી. ફરીથી ૧૭૩૩ માં જ્યારે તે બહાર ગયો ત્યારે ૨૭ જણની ટોળી એકદમ નાની થતાં થતાં તેમાં પાંચજ જણ રહ્યા. આથી એમ માલુમ પડે છે કે તે સમાજમાં તે મુખ્ય આગેવાન હતો અને તેના વગર તે પડી ભાગી હોત. પછી પોતાનાં આત્મ નકારનાં કામોને લીધે તેના કેટલાક અનુયાયીઓએ તેને તજી દીધો. તેમની સામે પણ ઘણા થયા અને તેમનાપર આળ મુકવામાં આવ્યા. મિત્રોએ તેને તજી દીધો. શત્રુઓએ તેના પર વિજય મેળવ્યો. પણ તે દ્રઢ અને સ્થિર રહ્યો.

આ બધો વખત તેણે દેશના જુદા જુદા ભાગોમાં વારંવાર મુસાફરીઓ કરી. તે દરમ્યાન વર્ષે હજાર માઇલ કરતાં વધારે ચાલતો હશે અને સાબ્બાથ વારે ઉપદેશ કરતો હતો. આથી તેની તબીયત પર એવી અસર થઇ કે ૧૭૩૪ માં તેની જીંદગી વિષે આશા ન રહી.

હવે વેસ્લીના પીતાએ તેને પોતાની પછી એપ્વર્થના પાદરીની જગ્યા લેવાને સમજાવ્યો. પણ ઑકસ્ફર્ડ છોડવાની તેણે ના પાડી. વિદ્યાર્થીઓ તથા ત્યાંની નાની મેથોડીસ્ટ ટોળી સાથે વળગી રહેવું એ પોતાની ફરજ છે એમ તેને લાગ્યું.

તેનો પીતા ૧૭૩૫ ના એપ્રીલની ૨૫ મીએ ગુજરી ગયો.

૮. અમેરીકાનો મિશનરી.

જોકે એપ્વર્થ જવાને ઑકસ્ફર્ડ છોડી જવાની તેણે ના પાડી હતી તોપણ ચર્ચ ઑફ્ ઇંગ્લાંડની તે વખતની મિશનરી સોસાયટી તરફથી સુવાર્તાના ફેલાવા અર્થે જ્યારે તેની પાસે તેડું આવ્યું ત્યારે ગંભીર વિચાર કર્યા બાદ અને મિત્રોની સલ્લાહ લીધા બાદ તેણે અમેરીકાના જ્યૉર્જીયા સંસ્થાનની દેશી જાતોમાં મિશનરી તરીકે જવાનો નિશ્ચય કીધો. તેની માએ કહ્યું "જો મારે વીસ દીકરા હોત અને ફરીથી તેમને બધાને ન દેખી શકું તોપણ તેઓ બધા આ પ્રમાણે કામમાં રોકાયલા હોય તો હું ખુશી થાઉં." તેના ભાઈ ચાર્લ્સે પણ જવાનો નિશ્ચય કીધો, અને ગવર્નરના ખાનગી ચીટનીસ તરીકે ગયો. બીજા પણ બે મેથોડીસ્ટ મિત્રો તેમની સાથે ગયા. તેઓએ મુસાફરીની શરૂઆત ૧૭૩૫ ના અકટોબરની ચાદમીએ કરી, અને તેમની સફર ૫૭ દિવસ ચાલી. તે કહે છે કે આ કામ માથે લેવામાં મારો એ હેતુ હતો કે "હમારા આત્મા બચે અને હમે પુરેપુરા દેવના મહીમાને અર્થે જીવીએ."

વહાણમાં કેટલાએક મોરેવીઅન લોક હતા. એટલે જૉન હુસ નામે ધર્મને સારૂ પ્રાણ ત્યાગ કરનાર ઈશ્વર ભક્તના પ્રોટેસ્ટન્ટ ખ્રીસ્તી શિષ્યોની એક ટોળી તેમણીની પોતાના દેશ ઑસ્ટ્રીયામાં રોમન કૅથોલીક મંડળીએ બહુ સતાવણી કરેલી હોવાથી તેઓ કોઈ એવો

દેશ શોધતા હતા કે જ્યાં પોતાની પ્રેરક બુદ્ધી મુજબ દેવનું ભજન કરી શકે. દરીયાપર ભારે તોફાન થયું ને તેમનામાં જે શાંત વિશ્વાસ વેસ્લીએ જોયો તેથી તેને ખાતરી થઇ કે ભય કહાડી નાખે એવો વિશ્વાસ મારામાં નથી. તેમની સાથે વાત કરવાને તે જર્મન ભાષા શીખ્યો. આ સાદા મનવાળા અને ઊંડા ધર્મવાળા લોકો પાસેથી તે ઘણી કીમતી આત્મિક શિખામણ શીખ્યો.

તેઓ જ્યૉર્જીઆના સવાનાહ શહેરમાં ઉતર્યા. દેશની અશાંત સ્થિતિ તથા જંગલી લોકોની પ્રકૃતિને લીધે તેઓમાં કાંઈ પણ કામ કરવાનો યત્ન કરવો તે અશક્ય જણાયું. અને તેથી તે લગભગ ૫૧૮ માણસની વસ્તીવાળા નાના અંગ્રેજી સંસ્થાનનો પાદરી બન્યો.

અમેરીકન ઇન્ડીયન નામે, ત્યાંના વતનીઓ વિષે એમ કહેવાય છે કે તેમનામાં કોઇ વિદ્યાકળા, ધર્મ કે સરકાર નહોતી. પોતાની નજરમાં જે યોગ્ય લાગે તેમ દરેક જણ કરતો હતો. જો પડોશી દુઃખ દે તો ખુશીથી તેને ગોળી મારે, માથા પરની ચામડી ઉતારી કહાડે અથવા કાન કાપી નાખે; યુદ્ધમાં પોતાના કેદીઓને કટ્ટા શત્રુના જેવી ક્રૂરતાથી દુઃખ દેતા અને બાળી નાખતા એક નાની પ્રજાના સરદારે વેસ્લીનો આવકાર કર્યો. પણ તે તેમને માટે ઘણું થોડું કરી શકે તેમ હતું.

સ્પેનની ભાષા બોલનારા લોકોની સેવા કરવાને તે સ્પેનીશ ભાષા શીખ્યો.

પોતાના ટોળાંની મુલાકાત લેવામાં, તેમને માટે પ્રાર્થના કરવામાં અને રોજ દેવળમાં પ્રાર્થના સભા

ચલાવવામાં અને ઉપદેશ કરવામાં, તેને જે શ્રમ પડતો તેથી તે થાકી જતો નહિ. ૧૭૩૯ના એપ્રીલમાં તેણે પોતાની મંડળીનાં માણસોમાંથી ૩૦-૪૦ મક્કમ માણસોની એક નાની મંડળી સ્થાપી. આનું નામ તેણે મેથોડીસ્ટની બીજી ચડતી એવું પાડયું. પહેલી ચડતી ૧૭૨૯ના નવેમ્બરમાં ઑક્સફર્ડમાં થઈ હતી.

ત્યાં તેણે પોતાની પ્રથમ ગીતસંગ્રહની ચોપડી બહાર પાડી. તેમાં સુંદર જર્મન ભાષાનાં ગીતોનો તેણે બીનહરીફ તરજુમો કરેલો છે તે પણ આવે છે.

પણ તે ઘણો કર્મ પદ્ધતિ પ્રમાણે ચાલનારો ઈંગ્લાંડના રાજ્ય ધર્મનો પાદરી હતો, અને તેથી ધર્મના નિયમ પ્રમાણે વિગતવાર બારીકાઈથી ચાલતો હતો. અને પોતે સાંકડા દીલનો અને એકલ પંથી હોવાથી દેવ વગરના અને સંસ્થાનના અમલદારોને તિરસ્કાર અને સતાવણીનું કારણ થઈ પડયો. અને વળી સત્તાવાળાઓ પજવવા લાગ્યા અને પોતાને એમ લાગ્યું કે હમારૂં કામ નિષ્ફળ છે ત્યારે તે તથા તેનો ભાઇ ઈંગ્લાંડ પાછા ગયા જ્યાં તેઓ ૧૭૩૮ ના ફેબ્રુઆરીની ૧લીએ પહોંચ્યા.

એક રીતે તેનું કામ ફતેહમંદ ન હોતું. તેણે મંડળીના નિયમો અને ક્રિયાઓ બજાવ્યા હતા; પુરે પુરા દેવના બનવાને તે આતુર હતો; ઈશ્વરવિદ્યામાં તે પ્રવિણ હતો; તે બારીકાઈથી વર્તતો હતો; તોપણ વિશ્વાસે ન્યાયકરણ અને પવિત્ર આત્માએ અંતઃકરણનું નવાપણું એ વાતથી તે બીનવાકેફ હતો. તેણે પોતાનો આત્મા બચાવવાને શ્રમ ઉઠાવ્યો હતો અને દુઃખ સહન કર્યાં હતાં, પણ ખરો રસ્તો તેને જડયો નહોતો—તેણે

હૃદયથી માન્યું નહોતું: "જે કામ કરે છે તેને નહિ પણ જે વિશ્વાસ કરે છે" (રૂમી. ૪:૫.)—"કરણીઓથી નહિં રખે કોઇ અભીમાન કરે" (એફેસી ૨:૮,૯)–કારણ કે "આપણે નિયમની કરણીઓથી ન્યાયી ઠરાવાયા નથી પણ ઇસુ ખ્રીસ્તપરના વિશ્વાસથી" (ગલા ૨:૧૬)—નિયમ પાળવાથી આપણે ન્યાયી ઠરાવાતા નથી પણ વિશ્વાસથી (ગલા ૩:૧૧)તે—ને એ વાત તે શીખ્યો નહોતો. આ સંબંધી તે જાણીનો હતો કારણકે પાછળથી તેણે લખ્યું કે 'વિધર્મીને ખ્રીસ્તી બનાવવા હું અમેરીકા ગયો: જ્યૉર્જીયાના વતનીઓને ખ્રીસ્તી ધર્મનું રૂપ શીખવવાને મેં ઇંગ્લાંડ છોડી દીધું: પણ હું પોતે શું શીખ્યો છું? એજ કે હું કે જે બીજાઓનાં અંતઃકરણ બદલવાને અમેરીકા ગયો તે મારૂં પોતાનું અંતઃકરણ કદી બદલાયું નહોતું."

પણ શું તેનું કામ નિષ્ફળ ગયું હતું? વેસ્લીના ગયા પછી થોડી મુદતે અમેરીકા જનાર મી. વ્હાઇટફીલ્ડે લખ્યું કે "જે સારૂં કામ મી. વેસ્લીએ અમેરીકામાં કર્યું છે તે અવર્ણનીય છે. તેણે એવો પાયો નાખ્યો છે કે જેને કોઇ માણસ કે ભુતો ડગાવી શકશે નહિ."

તેણે ત્રણ યુરોપી ભાષાઓનું જ્ઞાન મેળવ્યું હતું. પણ સૌથી મોટી વાત એ છે કે કર્મવૃતી પ્રમાણે વર્તવાનું તેનું કામ નકામું થઇ પડયું તેણે પોતે લખ્યું કે "આથી દેવે મને નરમ બનાવ્યો, મને તપાસ્યો, મને શીખવ્યું, અને મારા હૃદયમાં જે હતું તે મને બતાવ્યું."

આ પ્રમાણે દેવ તેને તૈયાર કરતો હતો અને પો-

તાના સ્વામીના ઉપયોગમાં આવે એવું પાત્ર બનવાને થવા જોઇતા અનુભવ તરફ તેને દોરવતો હતો.

૯. તેના અંતઃકરણનું બદલાણ.

ઇંગ્લાંડ આવ્યા પછી તરતજ વેસ્લી જે જે પ્રસંગ મળે તે પ્રસંગે ઉપદેશ કરવા લાગ્યો. તે કેદખાનાંની મુલાકાત લેતો, અને કેદીઓને તેમાં વિશેષે કરી મોતની સજા તજોના ગુનેહગારોને ઉપદેશ કરતો. ઘણા ખ્રીસ્તની ગમ ફરતા અને ઘણા સુવાર્તા પરના વિશ્વાસમાં મરી ગયા. તોપણ વેસ્લી પોતે હજી તો પાપની માફી એ સંબંધીના જ્ઞાનનો શોધક હતો.

લન્ડનમાં તે પીતર બોહલર નામે મોરેવીયન પાદરીને માળ્યો. અને તેની સાથેની વાતચીતથી તથા મોરેવીયન લોકોની સાથેના સંબંધથી અને શાસ્ત્રના ધ્યાડા સંબંધથી તેણે જાણ્યું કે હુ ખ્રીસ્તી જેવો છું પણ હું મારૂં પોતાનું ન્યાયીપણું સ્થાપવા ઈચ્છું છું (રૂમીઓ ૧૦:૩). તેને ખાત્રી થઇ કે જે એકલા વિશ્વાસને આશરે આપણું તારણ થાય છે તેની મારામાં ખોટ છે અને પોતે દેવનું બાળક છે તે વિષે તેને આત્માની શાહેદી નહોતી (રૂમીઓ ૮:૧૬), અથવા તે પોતે પણ સાક્ષી રૂપ નહોતા "કેમકે તે વિશ્વાસથી નહિ પણ નિયમની કરણીઓથી પછવાડે લાગતો" (રૂમી ૯:૩૨). આ ધાર્મીક પાળક પાસેથી તે શીખ્યો કે ખ્રીસ્ત પરના ખરા વિશ્વાસના પરિણામે પાપ પર ધ્નેહ મળે છે; અને માફીના જાણવાથી જાથુક શાંતિ રહે છે; અને કે આ તારણદાયક વિશ્વાસ એક ક્ષણ વારમાં આપવામાં આવે છે—એક ક્ષણમાં પાપી માણસ બદલાઇને સાધુ બની જાય છેઃ પાપને બદલે ન્યાયીપણું આવે

છે, અને દુઃખને ઠેકાણે પવિત્ર આત્મામાં આનંદ થાય છે.

વેસ્લીને આ બધું નવું શીક્ષણ હતું, અને તેથી તેને અચંબો લાગ્યો, અને પ્રથમ તો ધ્રૂજી ગયો. જો કે શાસ્ત્રમાં સ્પષ્ટરીતે જણાવેલું હતું તોપણ તે કબુલ કરવા તે નારાજ હતો. આખરે તેને ખાત્રી થઈ કે તે શાસ્ત્રાનુસાર અને અનુભવ સીદ્ધ હતું ત્યારે તે તાબે થયો અને બુમ પાડી ઉઠયો કે "ઓ પ્રભુ, મારા અવિશ્વાસની મદદ કર." અને પોતાનું સારાપણું કે પોતાની કરણી પર જે આધાર રાખતો હતો તે છોડી દઈને એ કામને માટે જાથુ પ્રાર્થના કર્યા કરીને આ વિશ્વાસ મેળવવાનો તેણે નિશ્ચય કર્યો. આ માણસ ઇશ્વર વિદ્યા જાણનારો અને સખત ભક્તિભાવવાળો હતો તે એક સાદા ધાર્મીક પાદરીના ચરણ આગળ એસીને તેની પાસેથી ઈશ્વર સંબંધીની ઊંડી વાતો શીખે છે.

આશરે આ સમયે મી. વ્હાઇટફીલ્ડ અને ચાર્લ્સ વેસ્લીએ આ આશીર્વાદીત સત્યતાનું આલીંગન કર્યું હતું.

આત્મિક વેદનાના દિવસો ગાળ્યા બાદ ૧૭૩૮ ના મેની ૨૪ મીએ સાંજના પોણાનવ વાગે લન્ડનમાં આલ્ડર્સગેટ સ્ટ્રીટના એક દેવળમાં મોરેવીયન લોકની સભા ભરાઇ હતી અને કોઈ એક જણ જર્મન સુધારક માર્ટીન લુથરની રૂમીઓને પત્રની ટીકાની પ્રસ્તાવના કે જેમાં વિશ્વાસ શું છે, અને તે એકલોજ ન્યાયી કરે છે અને હૃદયમાં જે ફેરફાર દેવ કરે છે તે ખ્રીસ્ત પરના વિશ્વાસને આશરે છે એ સાફ દેખાડેલું છે, તે વાંચતો હતો. ત્યારે એક

મોટો ફેરફાર થતો હોય એવો અનુભવ વેસ્લીને થયો, અને તેના વિષે તેણે લખ્યું કે "મારૂં હૃદય અજબ રીતે ગરમ થયેલું મને લાગ્યું. મને એમ લાગ્યું કે ખરેખર મેં ખ્રીસ્ત પર અને એકલા ખ્રીસ્ત પર મારા તારણને સારૂ વિશ્વાસ કીધો. અને તેણે મારાં પાપ લઇ લીધાં છે, હા, મારાં પાપ લઈ લીધાં છે, અને મને પાપ તથા મરણના નિયમથી બચાવ્યો છે તેની મને ખાત્રી કરાવામાં આવી. અને પહેલવહેલાં મારા હૃદયમાં જે લાગણી થઇ તે હું પછીથી ખુલ્લી રીતે પ્રગટ કરવા લાગ્યો."

દસ વર્ષ સુધી તે ઘણોજ ધાર્મીક રહ્યો, અને તેણે ધર્મોપદેશ કીધો અને દેવનો સેવક રહ્યો. પણ હવે દસ વર્ષની આગ્રહી પ્રાર્થના અને જબરા ઉપવાસ કર્યા પછી, ભક્તિભાવમાં આત્મ અર્પણ કર્યા બાદ થાક વગર શ્રમ વેઠયા બાદ તેને જાણીતા તારણના આશીર્વાદીત સુખ તથા પાપ અને પોતાપણા પર દાબ રાખવાનું પોતામાં બળ છે એવી હાલતમાં લાવવામાં આવ્યો અને તેને ધર્મના સુખનો અનુભવ થયો. અને તેણે જાણ્યું કે મારૂં બદલાણ તથા તારણ થયું છે અને હું દેવનો દિકરો છું.

મહાન ઈતિહાસકાર મી. લેકી વેસ્લીના બદલાણ વિષે લખતાં કહે છે કે "તે નમ્ર સભામાં જે દેખાવ દેખાયો તે અંગ્રેજી ઈતિહાસમાં નોંધ કરવા લાયક બન્યો. ઈંગ્લાંડના સૌથી પરાક્રમી અને સૌથી ચપળ બુદ્ધીવાન માણસોમાંના એક ઉપર ત્યાં ખાત્રીની જે લાગણી ચળકી હતી તે અંગ્રેજી મેથોડીસ્ટપણાનું ખરૂં કારણ છે.

૧૦. હર્નહૂટની મુલાકાત.

લાંબી મુદ્દતથી વેસ્લીની ઇચ્છા હતી કે હર્નહૂટમાં મોરેવીઅન લોકની જર્મન મુલકની મૂલાકાત લેવી. પોતાના અંતઃકરણના બદલાણ પછી તરતજ તેણે તેમ કર્યું. મોરેવીઅન લોકો તેને એવા મદદગાર થઈ પડયા હતા કે તે એમ માનતો હતો કે તેઓના મૂખ્ય મથકમાં તેમની મૂલાકાત લેવાથી મને વધારે મદદ અને સુખ પ્રાપ્ત થશે.

મુસાફરી જરા કઠણ હતી; પણ તસ્દીનો તેને ઠીક બદલો મળ્યો. તેનો આતુરતાથી સ્વિકાર કરવામાં આવ્યો, અને તેઓએ તેનો સારો આવકાર કર્યો; અને પોતાનાં અંતઃકરણમાં દેવનો પ્રેમ વહેવડાવાયાથી પાપમાંથી, અને તેમને અપાએલા પવિત્ર આત્માની જાથુક સાહેદીથી, સંદેહ અને ભયથી, બચેલા ખ્રીસ્તીઓમાં હોવાથી તે ખુશી થયો હતો. જેઓને પોતે જ્યૉર્જીયામાં મળ્યો હતો તેઓમાંના કેટલાક તેને મળ્યા. તે તેમની ભજન સેવામાં હાજર થતો, તેમના આગેવાનોને મળતો, અને આ ધર્મને સારૂ અર્પણ કરાએલા લોકોની સાથે વાતચીત કરતો હતો.

પોતે જે મૂલાકાત લીધી તેથી તે ઘણો તાજો કરાયો હતો અને તેનો વિશ્વાસ દૃઢ કરાયો હતો. તારણદાયક વિશ્વાસના ખરાપણાના સાક્ષીઓની મૂલાકાત લેવાથી તેનામાં એવો ભરોસો ઉપજ્યો કે તેને ફરી કદી શક આવી શકે નહિ. તેણે કહ્યું 'ખુશીથી મેં મારી જીંદગી ત્યાં ગાળી હોત, પણ મારા

ગુરૂની દ્રાક્ષવાડીના બીજા ભાગમાં જવાને તે મને તેડતો હતો."

ઈંગ્લાંડથી ત્રણ માસ ગેરહાજર રહ્યા બાદ ૧૭૩૮ ના સપ્ટેમ્બરની ૧૬ મીએ તે ઈંગ્લાંડ પાછો ફર્યો.

૧૧. મોટી ધર્મ જાગૃતિની શરૂઆત.

મેથોડીસ્ટનો પચાસમો દિવસ.—પાંચમા અધ્યાયમાં આપણે તે વખતની ભ્રષ્ટતા અને ભયંકર અધર્મ તથા આત્મિક બાબતનું અંધારૂં એ દેખાડી ગયા. પણ જાગૃતિ હવે પાસે આવી ગઇ હતી.

જર્મનીથી પાછા આવ્યા પછી તરતજ વેસ્લી પોતાના દેશમાં તારણના ખુશકારક સમાચાર જણાવવા લાગ્યો. જ્યાં કોઇ તક મળે ત્યાં દેવળોમાં, ઘરોમાં અને કેદખાનાંઓમાં બોધ દેવામાં અને શીખાડવામાં પહેલા ૭ માસ લંડન અને ઑકસફર્ડમાં, તથા ઈંગ્લાંડની પશ્ચિમે આવેલા બ્રીસ્ટલ શહેરમાં એક માસ ગાળ્યો હતો. દરેક સભામાં માણસોને જાગૃત કરવામાં આવતા અને પાપીઓને જાણ પમાડવામાં આવતી હતી. વળી ખ્રીસ્તના રાજ્યમાં માણસોને મેળવવામાં તેના બંધુ ચાર્લ્સને પણ અજબ રીતે કામમાં લેતો હતો.

૧૭૩૯ માં નવા વરસે લંડનના ફેટર લેઇન દેવળમાં તેણે અને બીજા ૬૦ જણાઓએ પ્રેમભોજન તથા રાતે જાગરણ કર્યું. દેવનો પરાક્રમ તે ટોળી ઉપર ચમત્કારિક રીતે ઉતર્યો. એ તેઓનો પચાસમાનો દહાડો હતો. જે વર્ષમાં મોટી ધર્મ જાગૃતીનો ઉદય થયો તે વરસમાં આ પ્રમાણે પ્રવેશ કરવામાં આવ્યો.

આ જગ્યાએથી જાગૃતિ ફેલાઇ. તેઓ પાપીઓને પસ્તાવાને સારૂ તેડતા તેઓ દરેક ઠેકાણે ગયા. અને બે ત્રણ વર્ષમાં તેઓએ દેશની છેક દૂરના છેડા સુધી સુવાર્તા પ્રગટ કરી હતી, તેમની વાતો સાંભળવાને દરેક ઠેકાણે હજારો લોકો એકઠા થતા હતા, અને ધર્મને માટે ભાવ દેખાડતા હતા.

જાહેર જગ્યામાંનો બોધ—દેવના આ માણસો સામે આખા દેશ પરનાં દેવળો થોડી મૂદતમાં બંધ કરી દેવામાં આવ્યાં હતાં. જે પાદરીઓ તેમના પ્રત્યે મહેરબાન હતા તેઓને બીશપો અને મૂખ્ય બીશપો તરફથી ના પાડવામાં આવી હતી કે તેમને આપણાં દેવળોમાં ઉપદેશ કરવા દેવો નહિ. પણ તેઓએ કોઈ ઠેકાણે બોધ કરવોજ જોઈએ અને કોઇ રીતે નાશથી માણસોના આત્મા બચાવવા જોઈએ.

જ્યારે મી. વ્હાઇટફીલ્ડ અમેરીકાથી પાછો આવ્યો ત્યારે તેને માલમ પડ્યું કે મને દેવળમાં પેસવા દેવામાં આવતો નથી અને પોતાને કેદખાનાંમાં પણ બોધ કરવા દેવામાં આવતો નથી. પણ તેને લાગ્યું કે મારે સંદેશો પ્રગટ કરવાનો છે અને હું માનું છું કે તે સાંભળવાને હજારો લોકો આતુર છે, તેને યાદ આવ્યું કે મારો ઇશ્વરી ગુરૂ સમુદ્ર કાંઠે અને પર્વતો પર શીખાડતો હતો. અને આ નિયમને અનુસરીને ૧૭૩૯ ના ફેબ્રુઆરીની ૧૭ મીએ તેણે બ્રીસ્ટલ નજીક કીંગ્સવુડ આગળનાં ક્ષેત્રોમાં કોલસા ખોદનારાઓને, એટલે કે નિયમરહીત, નિર્દય અને દૂષ્ટ વર્ગના લોકોને બોધ કીધો. ૨૦,૦૦૦ માણસો તેની વાત સાંભળવાને એકઠા થયા હતા. છ અઠવાડીયાં સુધી

તેણે આ જાહેર જગ્યામાં સભાઓ કરી અને ફતેહ મળી. પછી તેણે હકેકથી વેસ્લી પર લખ્યું કે આવીને આ કામનો કબજો હાથમાં લે.

બ્રીસ્ટલમાં—વેસ્લી લંડનમાં રોકાયલો હતો અને દરરોજ કેટલીક વાર બોધ કરતો હતો, અને આવું આશાવંત કામ પડતું મૂકીને જવા તે નારાજ હતો. આખરે તેણે માન્યું અને બ્રીસ્ટલ ગયો. તેણે લખ્યું કે "ખેતરોમાં બોધ કરવાની આ વીચીત્ર રીતથી હું ભાગ્યેજ પ્રથમ તો પોતાને સમાધાનીમાં રાખી શક્યો. પણ તેણે જોયું કે જે લોકો કદી દેવળમાં જતા નથી અને સુવાર્તા સાંભળતા નથી તેઓમાં જો મારાથી જવાય તોજ હું તે કામ કરૂં. અને ૧૭૩૯ ના એપ્રીલની ૨ જી અને શોમવારે સાંજના ચાર વાગે તે શહેર બહાર એક નાની ટેકરી ઉપર ઉભો રહ્યો અને ત્રણ હજાર લોકોને બોધ કીધો. તેનો વિષય ખ્રીસ્તનું પહાડ પરનું ભાષણ હતો; અને તેણે વિચાર્યું કે જાહેરમાં બોધ કરવાના મારા ઈશ્વરી ગુરૂના નમૂનાનું અનુકરણ કરવું તે સારૂં છે. તે બ્રીસ્ટલમાં ત્રણ માસ સુધી રહ્યો તે દરમ્યાન દરરોજ જુદે જુદે ઠેકાણે બે કે વધારે વાર ઉપદેશ કરતો હતો.

આ કામના પરિણામ તરીકે શહેરના જુદા જુદા ભાગોમાં વીશ્વાસીઓની બે ટોળી મળી. આ બધા ઉપદેશ કરવા સારૂ એક મકાન બાંધવાને એકત્ર થયા. હોર્સફેર નામે શહેરના એક ભાગની જગ્યામાં તેઓએ જમીન પસંદ કરી. અને ત્યાં મે માસની બારમી તારીખે ઘણી ઉપકાર સ્તુતિ સહીત વેસ્લીએ પહેલા મેથોડીસ્ટ દેવળના પાયાનો પત્થર મૂક્યો.

જ્યારે વેસ્લી બ્રીસ્ટલમાં હતો ત્યારે કોલસા ખોદનારા લોકનાં છોકરાંને કેળવણી આપવા માટે કીંગ્સવુડ આગળ એક પ્રખ્યાત નિશાળ ખુલ્લી મૂકવામાં આવી હતી.

વેસ્લીના ઉપદેશથી ઘણા અજબ દેખાવો જોવામાં આવ્યા હતા. સાંભળનારાઓનાં હ્રદય હચ્કેરાયાં. માણસોનાં અંતઃકરણમાં પાપનો નિશ્ચય થયો. કઠણ બની ગએલા પાપીઓ પોચા પડી ગયા; સઘળા વર્ગના લોકો દયાને સારૂ મોટેથી રડવા લાગ્યા, અને પ્રાર્થના કરવાનું કહેવા લાગ્યા. અને જેમ પચાસમાને દહાડે પીતરના ઉપદેશથી થયું હતું તેમ લોકો તારણ શોધવા લાગ્યા. કોઇ કોઇ વાર બૂમો અને રૂદનો એટલાં બધાં થતાં હતાં કે વેસ્લીનો ઘાંટો સંભળાતો નહોતો. વેસ્લીની શાંત દલીલ અને દેવની સત્યતાની સ્પષ્ટ વાતથી લંડન અને બીજાં સ્થળોમાં પણ એવાજ દેખાવ જોવામાં આવ્યા.

લંડનમાં:—જ્યારે વેસ્લી લંડનમાં આવ્યો ત્યારે ખેતરોમાં બોધ કરવા લાગ્યો. અને તેનો ભાઈ ચાર્લ્સ જે તેની મંડળીમાંથી ખેંચાયો હતો તેના તરફથી તેને ઘણી મદદ મળતી હતી. મૂરફીલ્ડસ અને બીજે સ્થળે હજારો માણસો તેની વાત સાંભળવાને આવતા.

તે વરસમાં (૧૭૩૯) તેણે લંડનથી બ્રીસ્ટલની ચાર મુસાફરી કરી. તેણે ચાર વખત ઑક્સફર્ડની મુલાકાત લીધી. વળી તેણે વેલ્સ દેશની પણ મુલાકાત લીધી.

જયારે જયારે તે જતો ત્યારે દેશ ખળભળી ઉઠતો, મેથોડીસ્ટ મંડળીઓ વધતી અને દરેક ઠેકાણે દેવનું

શુદ્ધ વચન સાંભળવાને તે લોકને આતુર જોતો.

૧૭૩૯ નો શીયાળો હર વખત કરતાં સખત હતો. અને જાહેર જગ્યામાં બોધ કરવા જવું અશકય જણાયું. તેને એમ લાગ્યું કે કામને સારૂ કંઇક બંદોબસ્ત કરવાનો વખત આવ્યો છે. એક જુનું મકાન કે જે તોપો બનાવવાના કામને માટે વપરાતું હતું અને તેથી તેને ધાતુ ઓતવાનું કારખાનું એટલે "ફોન્ડરી" કહેતા હતા તે તેણે બે સદ્‌ગૃહસ્થોની સલ્લાહથી ભાડે રાખ્યું. ઘણાં વરસો ઉપર ઘણા ધડાકા થાય એવી જગ્યા તે હતી, અને હવે ભાગી પડયું હતું. ૧૫૦૦ લોકોની સભા બેસી શકે તેવું કરવાને તેનાં ઘણું સમારકામ કરવું પડયું. દેવળ ઉપરાંત તેમાં નાની સભાઓ કરવા લાયક ઓરડા, એક નિશાળ અને એક ચોપડી રાખવાની જગ્યા હતી. વળી વેસ્લીને રહેવાના ઓરડા પણ તેમાં હતા તેમજ ઉપદેશકોને સારૂ એક ઘર પણ હતું. ૧૭૩૯ ના નવેમ્બરની ૧૧ મીએ વેસ્લીએ ભરપુર દેવળમાં બોધ કર્યો. અને ૩૮ વરસ સુધી તે લંડનમાં મેથોડીસ્ટનું મૂખ્ય મથક હતું અને વેસ્લીનાં ઘણાં માયાળુ કામો જેવાં કે દિવસની એક નિશાળ કે જેમાં કંઇ ફી લેવામાં આવતી નહોતી, દવાખાનું, અને વીધવા આશ્રમનું મૂખ્ય સ્થળ હતું.

૧૨. ધર્મજાગૃતીના સીદ્ધાંતો અને શીક્ષણો.

વેસ્લી અને તેના સાથીઓએ જે મહાન કામ કર્યું તેની વાત કહ્યા પહેલાં તેઓએ જે સીદ્ધાંતો અને મતો પ્રગટ કર્યા તથા શીખવ્યા તે જણાવવું અગત્યનું છે. મોટી ધર્મજાગૃતી કરવામાં દેવે આ બાબતોને ઘણો આશીર્વાદ દીધો હતો તે એ કે જ્યાં આગળ બીજા પાદરીઓ નિષ્ફળ થયા ત્યાં આગળ તેમને ફળ મળ્યું.

તેના અંતઃકરણના બદલાણથી તેના કામની બધી રીતભાત ઉલટી બની ગઈ, અને તે આશીર્વાદીત સુવાર્તાનો ઝનુની ઉપદેશક થયો હતો. જે મતો તે શીખાડતો હતો તે તેણે હવે અનુભવથી જાણ્યા અને એથી કરીને હીમત, વિશ્વાસ અને ખાત્રી કે જેણે તેના ઉપદેશને બળ આપ્યું તેથી તે ઉપદેશ કરવાને શક્તિવાન થયો.

જે ખાસ સીદ્ધાંતો તેઓ શીખવતા હતા તે નવા નહોતા. લુથરના વખતના સુધારા અને ચર્ચ ઑફ ઈંગ્લાંડના સીદ્ધાંતો વગર તે બીજા કોઈ નહોતા. એટલે કે પાપનો પસ્તાવો, વિશ્વાસે થતું ન્યાયીકરણ, તથા હૃદય અને જીંદગીની પવિત્રાઇ. **કોઇપણ ખ્રીસ્તીએ અંધારામાં ચાલવાની જરૂર નથી પણ દેવે તેનો અંગીકાર કર્યો છે એ વાતની ખાત્રીથી તેણે હર્ષ કરવો.** એ આશીર્વાદીત સત્યતા સ્પષ્ટ જણાવીને વેસ્લીએ ખ્રીસ્તની મંડળીને અમૂલ્ય સેવાનું કામ બનાવ્યું. જે નીશાન તરફ દરેક ખ્રીસ્તીએ ધસવું જોઇએ ત્યાં

આગળ પૂરેપૂરૂં પવિત્રીકરણ મૂકવામાં આવેલું હતું. તેણે પોતાના લોકોને કૃપામાં વધવાનો અને જે મન ખ્રીસ્તને હતું તે સંપાદન કરવાનો આગ્રહ કીધો.

પોતાના અંતઃકરણનું બદલાણ થયા પછી ૧૮ દિવસે એટલે ૧૭૩૮ ના જ્યુનની ૧૧ મી તારીખે તેણે ઑકસફર્ડ યુનીવર્સીટી આગળ "તમે કૃપાએ વિશ્વાસને આશરે તરાએલા છો." એ વાક્ય ઉપર પોતાનું પ્રખ્યાત ભાષણ કર્યું. અને આ વાક્ય તે તેના આખા સેવાના કામનો મુખ્ય વિષય હતો. જે ભાષણો મેથોડીસ્ટ મતના વાવટા રૂપે છે તેમાં એ સૌથી પહેલું ભાષણ છે. અને આ સીદ્ધાંત તે ઘણી આતુરતાથી પ્રગટ કરતો હતો.

તેને પોતાને એમ લાગ્યું કે મારા લોકની દરેક બાબતને માટે હું જવાબદાર છું. કેવળ આત્મિક બાબતમાં સલાહ દેવાથી તેને સંતોષ વળતો નહિ પણ તે તેમને નમુનેદાર સ્વદેશીઓ અને રાજાની રૈયત બનાવવાને મહેનત કરતો હતો. તે દિવસોમાં દેશના સઘળા ભાગોમાં દાણચોરી કરવામાં આવતી હતી. સરકારને લૂંટવાનાં માઠાં પરિણામો વિષે તે વારંવાર બોધ કરતો અને લખાણ કરતો હતો. જેઓ દાણચોરી કર્યા કરતા હતા અથવા જેની દાણ અપાઈ ન હોય એવો માલ ખરીદતા કે વેચતા તેવા કોઇ માણસોને તે પોતાના સમાજમાં રહેવા દેતો નહિ. આજ રીતે તે વખતના સર્વ દુર્ગુણોની સાથે બાથ ભીડવામાં તેણે પોતાને રોક્યો હતો. અને આ પ્રમાણે જ્યાં જ્યાં મેથોડીસ્ટનું કામ સ્થપાયું હતું ત્યાં ત્યાં લોકોનો નૈતિક સુધારો પણ

થતો હતો. તેણે પોતાના સભાસદોને વધારે સારા માણસો બનાવ્યા અને આખા દેશમાં નિતીની ધ્વજા ઊંચી કરી.

૧૩. મેથોડીસ્ટ જનસમાજ.

પોતાના અંતઃકરણના બદલાણ થયા અગાઉ ૧૭૩૮ ના મેની પહેલીએ વેસ્લીએ ઑક્સફર્ડ અને જ્યૉર્જીયામાં સ્થાપ્યો હતો તેવો લંડનમાં એક ધાર્મીક સમાજ સ્થાપ્યો. પણ નવા રૂપના મેથોડીસ્ટ સમાજોનું મૂળ કે જેમાં ઑક્સફર્ડનું નામ "મેથોડીસ્ટ" જળવાઈ રહ્યું હતું તે મી. વેસ્લીના વર્તમાનપત્રમાં આ પ્રમાણે કહેવામાં આવેલું છેઃ—

"વર્ષ ૧૭૩૯ ના પાછલા ભાગમાં આઠ દશ માણસો લંડનમાં મી. વેસ્લી પાસે આવ્યા. તેઓ એવા માલમ પડયા કે જાણે તેમને પોતાનાં પાપની ખાત્રી થઈ હોય અને આતુરતાથી પાપની ક્ષમાને માટે શોક કરતા હોય."

બીજે દહાડે એ ત્રણ જણાએ કર્યું તેમ તેઓએ કહ્યું કે તમે હમારી સાથે કેટલોક વખત પ્રાર્થનામાં ગાળો અને આવનાર કોપથી કેવી રીતે નાસવું તે વિષે હમને સલાહ આપો. પોતાને આ મોટા કાર્યને સારૂ વખત મળે તેને માટે તેણે એક દહાડો ઠરાવ્યો અને કહ્યું કે તમે સર્વ તે દહાડે આવો. આ કામ ત્યારથી તેઓએ દરેક અઠવાડીએ એટલે ગુરૂવારે સાંજે કર્યું. આ લોકોને તથા તેમની સાથે ભાગ લેવાને જેટલા બધા ઇચ્છતા હતા તેઓ સર્વને (કારણ કે દરરોજ તેમની સંખ્યા વધતી જતી

હતી) તેમને અર્થે પોતાને સૌથી જરૂરની લાગે એવી શિખામણ તે વખતોવખત દેતો હતો, અને હમેશાં પોતાની કેટલીક અગત્યતાઓને અનુકુળ પ- ડતી પ્રાર્થનાઓ કરીને સભાઓ બરખાસ્ત કરતો. આ એકત્ર થએલા સમાજની ચડતી હતી. પ્રથમ લંડનમાં અને પછી અન્ય સ્થળો કે જ્યાં વિશ્વાસીઓ એકઠા થતા હતા."

વળી વેસ્લીએ તેમનાં નામ લખી લીધાં એ માટે કે ઘેર પણ તેઓની મૂલાકાત લેવાય કે જેથી સભા ઉપરાંત તે તેમને શીખાડે અને મદદ કરે અને તેમના સાથે પ્રાર્થના કરે.

સમાજોના મૂખ્ય નિયમો:—૧૭૪૩ ના ફે- બ્રુઆરીની ૨૩ મીએ વેસ્લીએ મૂખ્ય નિયમો સ્થા- પ્યા. સમાજની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આ- વતી. ઈશ્વરીપણાના ગુણવાળા માણસોની ટોળી જે તેનું પરાક્રમ શોધતી હતી, તે એકઠા મળી પ્રાર્થના કરવાને અને ઉત્તેજનદાયક વાત સાંભળવાને અને પ્રત્યેક એકમેકનું તારણ સંપાદન કરવાને મદદગાર થાય તે માટે પ્રીતિએ કરીને એકબીજાની ચોકી રાખવાને એકત્ર મળી હતી." આ સમાજોમાં દાખલ થવાને કેવળ એકજ શરતની જરૂર હતી અને તે એ કે "આવનાર કોપથી નાસવાની અને પોતાનાં પાપથી બ- ચવાની ઇચ્છા." પણ તે ઇચ્છા જ્યાં જ્યાં મનમાં ચોંટેલી છે ત્યાં ત્યાં તે પોતાનાં ફળથી જણાઈ આવશે. તે માટે જે બધાને આ સમાજમાં ચાલુ રહેવાની ઇચ્છા હોય તેઓના તરફથી એવી આશા રાખવામાં આવતી હતી કે તારણને સારૂ પોતાને ઇચ્છા છે એ

વાતની સાક્ષી જાથુક આપ્યાં કરવી (૧) પ્રથમ તો–કોઇપણ નુકશાન ન કરીને તથા દરેક પ્રકારની ભુંડાઈ દૂર કરીને. પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામમાં ન વાપરી શકાય એવી ગમ્મતો દૂર કરવામાં એક કસોટી સમાએલી હતી. (૨) સઘળાં માણસો પ્રત્યે બની શકે તેટલું અને દરેક પ્રકારનું ભલું કરવાથી બીજી સાક્ષી દેખાડવાની હતી. (૩) ત્રીજી સાક્ષી ઈશ્વરની સઘળી ક્રિયામાં હાજર રહેવાથી દેખાડવાની હતી. જેમકે જાહેર ભજનસેવા, શબ્દનું કામ, પ્રભુ ભોજન, કૌટુમ્બીક તથા ખાનગી પ્રાર્થના, શાસ્ત્ર શોધ, અને ઉપવાસ.

૧૪. જુદા થવું.

મોરેવીયન લોકોથી:—૧૭૪૦ ની સાલ તક લંડનના મોરેવીયન લોકમાં અસત્ય શીક્ષણ વધવાથી વેસ્લી અને તેના અનુચારીઓને તેમની સોબતથી અળગા થવાની જરૂર જણાઈ.

વ્હાઇટફીલ્ડથી—પણ વધારે ખેદજનક વીયોગ તો જે વેસ્લી અને વ્હાઇટફીલ્ડ વચ્ચે થયો તે હતો. વ્હાઇટફીલ્ડ જયારે અમેરીકામાં હતો ત્યારે તેણે કાલ્વીને પ્રસિદ્ધ કરેલા વિચારો સ્વીકાર્યા. આ વિચારોની મતલબ આ હતી, એટલે કે માનવજાતનો એક ભાગ સદાકાળીક સજાને માટે જન્મ્યો છે, અને એક ભાગ સદાકાળીક જીવનને માટે જન્મ્યો છે. આને ઈશ્વરી હુકમનામું કહે છે, અને તે અવીકારી છે. મફત કૃપાના સીદ્ધાંતોની સામે આ એટલી બધી વીરૂદ્ધ પડી, કે દેવ કોઈના મરણમાં રાજી નથી પણ

તે પુંચ્છે છે કે સઘળા જીવે એવો ઉપદેશ વેસ્લી કરતો હતો તેથી તેની સામા થવાને પોતે બંધાયલો છે એમ તેને લાગ્યું. હજી પણ વ્હાઇટફીલ્ડ તો વેસ્લીની વીરૂદ્ધ ઉપદેશ કરતો હતો અને આને લીધે તેની સાથે કામ કરવાની ના પાડતો હતો. સીદ્ધાંતોના આ ફેરફારને લીધે ખાસ કરીને બ્રીસ્ટલમાં કેટલાક સમાજો તૂટી ગયા. આ જુદાઇ ૧૭૪૧ ની શરૂઆતમાં થઈ. ધીમે ધીમે જોકે હરેક જણ પોતાના મતને મજબૂત પકડી રહ્યા હતા તોપણ તેમની વચ્ચેનો મતભેદ મટી ગયો.

રાજ્ય ધર્મમાંથી:—થોડીવારમાં પોતાના સમાજ તથા રાજ્યધર્મ સમાજોની વચ્ચે સ્પષ્ટ જુદાપણું પાડવાની વેસ્લીને પોતાની મરજી વીરૂદ્ધ ફરજ પાડવામાં આવી. હજી વેસ્લી રાજ્યધર્મનો સભાસદ અને ઉપદેશક હતો. અને પોતાના સમાજને તે ધર્મનો એક ભાગ ગણતો હતો. સમાજ તરફની ભજનસેવાની માફક તે ધર્મની ભજનસેવામાં હાજર રહેવાનો તેણે સભાસદોને આગ્રહ કર્યો હતો. તેમજ પ્રભુ ભોજન તથા બીજી ક્રિયાઓ રાજ્યધર્મમાં લેવી એવો પણ આગ્રહ કર્યો હતો. પણ હવે પાદરીઓ વેસ્લી ભાઇઓને આસન પર ચડવા દેતા નહિ. એટલુંજ નહિ પણ ૧૭૪૧ માં તેઓએ તેમને અને તેમના અનુચારીઓને પ્રભુભોજનમાંથી ઘણા તિરસ્કાર સહીત કહાડી મૂકયા. તેથી વેસ્લી ભાઇઓએ પોતાનાં માણસોને પોતાનાં ભજન સ્થળોમાં સંસ્કાર આપવાનો નિશ્ચય કર્યો.

૧૫. કેટલીક ખાસ સ્થાપનાઓ.

વેસ્લીના જીવન વૃત્તાંત અને કામની વાત ચાલુ રાખવા પહેલાં કેટલીક ખાસ સ્થાપનાઓ કે જે પહેલાંથી તેણે તથા તેના સમાજના માણસોએ પસંદ કરી હતી અને અદ્યાપી પર્યંત ચાલુ રહી છે, તે ધ્યાનમાં લેવી એ લાભકારક છે.

વર્ગો અને આગેવાનો:—વેસ્લી ભાઇઓ પોતાથી બની શકે તેટલા સમાજોની મુલાકાત લેતા. પણ પાળકને લગતા કામને માટે બરાબર સગવડ નહોતી. સઘળા સભાસદોને ઘેર જઇ તેમની મુલાકાત તેઓ લઇ શકતા નહોતા અથવા તેઓ નિયમીતપણે સભાઓની મુલાકાત કરી શકતા નહોતા.

૧૭૪૨ ના ફેબ્રુઆરીની પંદરમીએ મકાનનું દેવું આપવા વિષેની મસલત કરવાને બ્રીસ્ટલમાં સમાજોના સભાસદોની એક મોટી સભા ભરાઇ હતી તે વેળા કપતાન ફોય નામે એક માણસની સૂચના સ્વીકારવામાં આવી અને સભાસદોના બાર બાર માણસોની એકેક ટોળી એ પ્રમાણે ભાગ પાડવામાં આવ્યા. આ દરેક ટોળીનો એકેકો આગેવાન ઠરાવવામાં આવ્યો હતો. અને દર અઠવાડીએ આ લોકો પાસેથી દેવા પેટે જે કાંઈ આપે તે એકઠું કરવાનું તેનું કામ હતું.

કેટલીક વાર આ આગેવાનો વેસ્લીને કહેતા હતા કે અમુક માણસો જેમ રહેવું જોઇએ તેમ રહેતાં નથી. તેથી તેણે તેમને કહ્યું કે દર અઠવાડીએ જેઓની તમે મુલાકાત લો છો તેમની તપાસ કરો. આથી સારી અસર થઇ. સમાજમાં ભુંડી રીતે રહે-

નારાં માણુસો પકડાઇ ગયાં. કેટલાંક સુધર્યાં અને કેટલાંકને કહાડી મૂકવામાં આવ્યાં.

આ નવી યોજના થોડીવારમાં લંડન અને બીજાં સ્થળોમાં દાખલ કરવામાં આવી. તેથી નાણાં સંબંધી પેલા માણુસની યોજનાનો ઉપયોગ પણ વેસ્લીએ કર્યો એ માટે કે સમાજના સભાસદોના આત્મિક કલ્યાણ માટે તે સંભાળ રાખે.

વર્ગોની સભાઓ:—પણ સભાસદો વધી ગયા તેથી આગેવાનો દર અઠવાડીએ જઇને સઘળા સભાસદોને મળે એ અશક્ય બન્યું. તેથી એવી ગોઠવણ કરવામાં આવી કે પ્રાર્થના, શીક્ષણ અને મેળાપને માટે દર અઠવાડીએ એક વાર દરેક વર્ગના માણુસો એકાદ કલાકને માટે એક જગ્યાએ એકઠા મળે. ઘણું કરીને દરેક વર્ગમાં દસ કે બારથી વધારે સભાસદો નંહોતા.

વર્ગ તે સભાને સૌથી અગત્યની અને મદદકર્તા સ્થાપના નીવડી છે. એથી એક જાતનો મદદનીશ પાળક પુરો પાડવામાં આવતો. કારણ કે જ્યારે દેશના સઘળા ભાગોમાં કામ ફેલાયું ત્યારે સઘળા માણુસોની મૂલાકાતે વેસ્લી ભાઇઓથી જઇ શકાયું નહિ, અને સર્વ સમાજોને સારૂ પુરતા ઉપદેશકો નહોતા. તેથી દરેક જગ્યાએ આગેવાનો નીમવામાં આવ્યા. તેઓ અઠવાડીએ અઠવાડીએ ટોળીઓને મળતા અને બનતાં સુધી ઘેર જઇને સભાસદોની મૂલાકાત લેતા. થએલા ખ્રીસ્તીઓ આ રીતે એકમેક સાથે જોડાયા હતા અને તેઓ દુનીયામાં પાછા ભટકી જવાથી સાચવી રખાતા હતા. દર ત્રણ માસે આ

વર્ગોની જાતે મૂલાકાત લેવાનો વેસ્લીએ પ્રયાસ કીધો. તે સંબંધી વેસ્લીએ લખ્યું કે " ખ્રીસ્તી મેળાપને માટે કરેલી આ ગોઠવણથી શા શા લાભ થયા છે તેનો ભાગ્યેજ વિચાર કરી શકાય. "

પ્રેમ ભોજન:—અસલના વખતની મંડળીઓના ખ્રીસ્તીઓમાં એવો રીવાજ હતો કે એકઠા મળીને હરખ તથા મગ્ન અંતઃકરણે રોટલી ખાવી તથા પાણી પીવું, અને પોતાનો અનુભવ જણાવવો. આ સભાઓ "ઍગપી" કે પ્રેમ ભોજન કહેવાતી. આ આનંદી સભાઓમાં વેસ્લીએ મોરેવીયન લોકની સાથે ભાગ લીધો હતો. અને તે તેણે પોતાના સમાજોમાં દાખલ કરી હતી. તેઓ ઘણા આશીર્વાદનું સાધન હતી. તેણે લખ્યું કે " હમે આ સમાજોમાંથી ખાધા વગર ભાગ્યેજ પાછા આવતા. જે માંસ નાશકારક છે તેજ ખાતા એમ નહિ પણ જે સર્વ કાળીક જીવન પહોંચાડે છે તેથી સ્વપ્ને પણ ધરાતા નહિં. "

જાગરણની સભાઓ:—આપણે વાંચી ગયા છીએ કે મેથોડીસ્ટપણાનો પચાસમો આવી સભા વખત આવ્યો હતો. કીંગ્સવુડની ખાણોમાં કામ કરનારાએ ખ્રીસ્તી થયા તે પહેલાં તેઓ શનીવારની રાત્રી મધરાત સુધી દારૂની દુકાનોમાં અને બીજી ભુંડી જગ્યાઓએ ખાઇ પીને મસ્તી કરવામાં અને સર્વ પ્રકારનાં પાપોમાં ગાળતા પણ ખ્રીસ્તી થયા પછી ખાણમાં કામ કરનાર એક જણની સુચનાથી તેઓ તે સાંજ પ્રાર્થના અને ઉપકાર સ્તુતિમાં ગાળવા લાગ્યા. આ જાગરણની રાત્રીઓ થોડીવારમાં સર્વ સમાજોમાં દાખલ કરવામાં આવી. પ્રથમ તો તે દર મહિને ભરાતી. અને આખરે

જેમ હાલ રીવાજ છે તેમ દર વર્ષની છેલ્લી રાત્રીએ ભરાવા લાગી. અને આ રીવાજ હાલ મેથોડીસ્ટ સીવાય બીજી ઘણી મંડળીઓમાં પાળવામાં આવે છે.

કારભારીઓ:—વેસ્લીએ લંડનમાંની "ફૌન્ડરી" ભાડે આપી દીધા પછી તેની સભામાંના કોઇએ તેને ખર્ચની યાદી કરાવી, અને એક માણસે કહ્યું કે હું ઉઘરાણું લઇશ અને હીસાબ આપીશ. આ માણસ વેસ્લીનો પ્રથમ કારભારી હતો. ત્યારપછી દરેક જગ્યાએ કારભારીઓ નીમાયા હતા. આ પ્રમાણે કામ કરવામાં નાણાંનું જોખમ લોકોના પોતાના પર નાખવામાં આવ્યું હતું.

મુસાફરી કરનાર ઉપદેશકો:—ઉપદેશકોના કરતાં વધારે ઝડપથી સમાજોની સંખ્યા વધી ગઇ. જેથી એવી જરૂર પડી કે દરેક ઉપદેશક એક કરતાં વધારે જગ્યાનું કામ કરે, અને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ઉપદેશ કરતો ફરે. આથી તેમનું નામ મુસાફરી કરનાર ઉપદેશકો પડયું. ઉપદેશકોની ગેરહાજરીમાં પણ વર્ગો અને આગેવાનોની પદ્ધતિથી લોકોની ઘણી સંભાળ લેવાતી હતી. આ મુસાફરી કરનારા ઉપદેશકો તે કદી ખ્રીસ્તી મંડળીમાં થઇને ગયા હોય એવા સ્વાર્પણ કરનારા, મહેનતુ અને ફતેહમંદ લોક હતા.

સંસારી ઉપદેશકો:—પ્રથમ જે માણસો ઉપદેશકનું કામ કરવાને દિક્ષા પામવાથી લાયક ન થયા હોય તેવા માણસો કામ કરે એ વાતની સખત રીતે વેસ્લી વીરૂદ્ધ હતો. તેણે સંસારી માણસોને સભામાં મદદ આપવાની છૂટ આપી. પણ જ્યારે તેણે જોયું કે મને મદદ કરનારાઓમાંથી ઘણાને બોલવાનું દાન

મળેલું છે અને દેવ તેમના બોધને એવો આશીર્વાદ દે છે કે તેથી માણસોનાં અંતઃકરણ બદલાઇ જાય છે ત્યારે તેનો મત બદલાઇ ગયો અને તેણે તેમને ઉત્તેજન આપ્યું, અને તેઓને સભાઓના કામ પર નીમ્યા.

આ સંસારી ઉપદેશકોમાંના કેટલાક પોતાના વેપાર વખતે કામ કરતા હતા, અને પ્રસંગોપાત પોતાના ગામોમાં ઉપદેશ કરતા હતા. તેઓ **સ્થાનીક ઉપદેશકો** કહેવાતા હતા, એ માટે કે તેઓ નિયમીત રીતે મદદ મેળવનારા અને મુસાફરી કરનારા ઉપદેશકોથી ઓળખાઇ આવે. આ તફાવત હજી પણ મેથોડીસ્ટ મંડળીમાં રાખવામાં આવે છે.

સંસારી માણસોના ઉપદેશથી દેશ પર મેથોડીસ્ટ મત ફેલાવવાનો રસ્તો તૈયાર થયો. ઘણે ઠેકાણે, જ્યાં મી. વેસ્લી અથવા તેમના ઉપદેશકો ગયા નથી, ત્યાં આ સંસારી ઉપદેશકો ઉપદેશ કરતા હતા. આ પ્રમાણે તેમના વગર ફક્ત કેટલીક જગ્યાએ ધર્મજાગૃતિ થઇ શકી હોત.

વાર્ષીક કૉન્ફરન્સ:—આ સીદ્ધ સ્થાપનાની શરૂઆત ૧૭૪૪ માં કરવામાં આવી. પોતાની સાથે સંબંધ ધરાવનાર વેસ્લીએ કેટલાએક પાદરીઓને અને સંસારી મદદનીષોને નહોતર્યા એ માટે કે તેઓ લંડનમાં આવીને મળે અને દેવનું કામ ચલાવવાની સૌથી સારી રીતોને લગતી પોતાની સલાહ તેને આપે. આ તેડાના ઉત્તર દાખલ ૧૭૪૪ના જ્યુનની ૨૫ મીએ લંડનની "ફૌન્ડરી" માં પ્રથમ મેથોડીસ્ટ કૉન્ફરન્સ મળી. તેમાં જૉન અને ચાર્લ્સ વેસ્લી, બીજા ચાર પાદરીઓ અને ચાર સંસારી ઉપદેશકો હાજર થયા

હતા. કૉન્ફરન્સની શરૂઆતમાં પ્રાર્થના કરવામાં આવી હતી. અને પછી તેમના મહાન સીદ્ધાંતો અને વ્યવહારોપયોગી પ્રશ્નો પર વિચાર ચલાવ્યો એ તેમનું કામ હતું. દરેક પ્રશ્ન પર પુરતો વાદવીવાદ ચાલે અને ખુલાસો થાય ત્યાં સુધી દરેક જણને મનખુલાસીને બોલવાનું કહેવામાં આવતું હતું. એકબીજાની સારી ઓળખાણ પામીને અને ધર્મસીદ્ધાંતો તથા ડીસીપ્લીન કે જે તેઓ બધા એકસરખી રીતે માન્ય કરતા હતા તેને બરાબર સમજીને તથા તે પ્રમાણે અનુસરીને હવે તેઓએ પહેલાં કદી નહિ કર્યું હોય તે કરતાં વધારે સારી રીતે સમાજોને શીખવવાને તથા ચલાવવાને તૈયાર થયા હતા. પરિણામ તરીકે ઉપદેશકો એકબીજા સાથે જોડાયા. અને કામ વત્તી મોટી ઐક્યતાથી વધ્યું, અને જુદા જુદા સમાજ તે પણ જોડાઇને એકજ રૂપના બની ગયા. તે પછીની કૉન્ફરન્સમાં ઉપદેશકોની વર્તણુક તપાસવામાં આવી હતી. સીદ્ધાંતો અને ડીસીપ્લીનની મૂખ્ય બાબતો તાજી કરવામાં આવી. ફરીયાદો પર વિચાર ચલાવવામાં આવ્યો, અને મૂશીબતીઓ દૂર કરવામાં આવી. આ કૉન્ફરન્સો સમાજોમાં ઐક્યતા કરનાર કામ નીવડયું.

વેસ્લીની બધી યોજનાઓ અગાઉથી વિચાર ચલાવ્યા વગરની હતી. તેમાંની કેટલીકમાં પ્રથમ તો વીરૂદ્ધતા થઈ. પણ પ્રસંગની જરૂરીયાતોને લીધે તેઓ બરાબર થઇ રહી. અને તે સ્પષ્ટ રીતે બતલાવે છે કે દેવ તેને કેવી અજબ રીતે દોરવતો હતો.

૧૬. થાકે નહિ એવો સુવાર્તીક. (૧)

વેસ્લીનું જીવન ચરિત્ર તે શરૂઆતના મેથોડીસ્ટ-પણાનો ઇતિહાસ છે.

તેની જીંદગીનો વિગતવાર હેવાલ લખવો તે મુસ્કેલ છે. એથી ઘણી ચોપડીઓ ભરાઈ જાય. પણ આપણે જે કરી શકીએ તે એજ કે પચાસ વરસ ઉપરાંતમાં મેથોડીસ્ટ ઉપદેશક તરીકેના તેના કામમાં જે સૌથી અગત્યના બનાવો બન્યા તે પસંદ કરી લેવા.

" દુનીયાં મારી પાદરીવાડ છે "—૧૭૪૨ ની વસંતઋતુ સુધી તે લંડન અને બ્રીસ્ટલ તથા એ બે શહેરોની વચ્ચેની જગ્યાઓમાંજ કામ કરતો હતો. તે દરમ્યાન વારંવાર વેલ્સ અને ઑકસફર્ડની પણ મૂલાકાત કરતો. આશરે આ સમયે તેણે એક પત્ર લખ્યો છે તેમાં તેનું નવું પ્રખ્યાત કહેણ આવે છે એટલે કે "આખી દુનીયાંને હું મારી પાદરીવાડ ગણું છું." અને હવેથી તે આ કહેણ પ્રમાણે કરવા લાગ્યો અને વધારે મોટા ક્ષેત્રમાં કામ કરવા લાગ્યો.

૧૭૪૨ ના વર્ષમાં તેણે **ન્યુકાસલ** ઉત્તરના મૂખ્ય શહેરની બે મૂલાકાત લીધી.

તેના સ્થાનીક ઉપદેશકોમાંના એક નામે જૉન નેલ્સને બરર્ટાલ શહેરમાં ફતેહમંદ કામ કર્યું હતું. અને લેડી હન્ટીંગડન જે મેથોડીસ્ટ મત સાથે ઊંડા પ્રેમમાં ઉતરેલી હતી તેણીએ તેને ન્યુકાસલની મૂલાકાત કરવાનો અને ત્યાંના ખાણમાં કામ કરનારા લોકને ઉપદેશ કરવાનો આગ્રહ કીધો. તેથી તે ઉ-

ત્તર તરફ જવાને નિકળ્યો. આ મુસાફરીને તેની જીંદગીમાં અગત્યની મજલ છે.

બર્સ્ટોલમાં:–લેડી હન્ટીંગડનની મૂલાકાત લીધા પછી તે બર્સ્ટોલ ગયો. જૉન નેલ્સન તે એક સલાટ હતો. તે લંડનમાં વેસ્લીએ જાહેર જગ્યામાં પહેલવહેલી સભા કરી ત્યારે તેના અંતઃકરણનું બદલાણ થયું હતું. યોર્ક પરગણાના બર્સ્ટોલ ગામમાંના પોતાના ઘેર આવ્યા બાદ તે સુવાર્તા પ્રગટ કરવા લાગ્યો અને તેના શ્રમથી થોડીવારમાં શહેરનો દેખાવ બદલાઈ ગયો. તેનું સાંભળવાને એટલા બધા માણસો આવતા કે તેઓ બધા બેસી શકે એવી એકે ઓરડી નહોતી અને તેથી તે તેમને પોળોમાં ઉપદેશ કરતો હતો. શહેર અને ગામડાંના કેટલાક સૌથી ખરાબ પાપીઓનાં બદલાણ થયાં હતાં. પંદર માસ સુધી આ શુરવીર માણસે એકલાએ કામ કર્યું હતું. વેસ્લીએ ત્યાં ઉપદેશ કીધો અને તેની મૂલાકાતથી ઘણો ફાયદો થયો.

ન્યુકાસલમાં:–મે ની ૨૮ મીએ તે ન્યુકાસલમાં પહોંચ્યો. તે કહે છે કે મેં આટલી બધી દારૂ પીવાની ટેવ કદી જોઈ નહોતી. અને આટલી બધી શ્રાપ દેવાની અને સોગન ખાવાની વાત કદી સાંભળી નહોતી. નાનાં બાળકોમાં પણ આ ટેવો હતી. શહેરના સૌથી ગરીબ ભાગમાં મ્હોટી રસ્તાને જઈને તે ગાવા લાગ્યો. સેંકડો લોક એકઠા થયા અને તેણે ઉપદેશ કીધો. સાંજે તેણે ઘણાં માણસોના ટોળાને ઉપદેશ કીધો. તેઓએ તેની વિનંતી કીધી કે ત્યાં રહો. પણ તેને જવું પડયું અને પાછા આવવાનું

વચન આપ્યું. બે માસ પછી તેનો ભાઇ ચાર્લ્સ ગયો અને કેટલોક વખત રહ્યો. તે વરસમાં આગળ જતાં તે પોતે પણ પાછો ગયો.

બ્રીસ્ટલ પાછા જતાં તેને **નેરસબારો** રહેવાનું કહેવામાં આવ્યું. તેણે જાણ્યું કે ઉત્તર તરફ જતાં મેં કેટલાક શબ્દો કહેલા તેથી ઘણાં માણસો ઉશ્કેરાયાં છે. ત્યાં તે કાપણીની મોસમન માટે થોડાં માણસો જીતવાને લાંબો વખત રહ્યો.

એપ્વર્થ આગળઃ—સૌથી જાણવા જોગ મૂલાકાત એપ્વર્થ કે જે તેની જન્મ ભૂમી હતી ત્યાંની હતી. ત્યાંનો પાદરી કે જેને તે જગ્યા વેસ્લીના બાપને લીધે મળી હતી તેણે તેને દેવળમાં ઉપદેશ કરવાની ના પાડી. વળી તેણે તેને પ્રભુ ભોજનમાં બેસવાની પણ ના પાડી. તેથી તેણે દેવળના ચોગાનમાં (કબરસ્તાનમાં) ઉપદેશ કીધો. આસન તરીકે પોતાના પિતાની કબર વાપરી હતી. આ વખતે જે ઠઠ મળી હતી તે એટલી મોટી હતી કે એવી તેણે પહેલાં કદી તે શહેરમાં જોએલી નહિં. ત્યાં તે કેટલાક દિવસ રહ્યો અને આજુ બાજુનાં સઘળાં ગામડાંઓમાંથી ટોળા બંધ આવનાર લોકોને આઠ દહાડા સુધી તેજ ઠેકાણે તે ઉપદેશ કરતો હતો. ઉપદેશની સાથે અજબ પરાક્રમ હતું. રવીવારે સાંજે પસ્તાવો કરવા આવનાર લોકોની બુમોથી તેનો સાદ બેસી ગયો હતો. અને ઘણાઓને પોતાના આત્માને સારૂ વિસામો મળ્યો.

રવીવારે તે રૂટ ગયો કે જ્યાં આગળ તે પાદરી હતો, અને હાલ તેનો બનેવી ઉપદેશક હતો. ત્યાં

તેણે દેવળમાં ઉપદેશ કીધો. આ વખતે પોતાના જુના પાદરીનું ભાષણ સાંભળવા આવનાર લોકથી દેવળ ચિકાર ભરાઇ ગયું હતું.

ત્યાર પછીનાં ૪૮ વર્ષમાં તેણે એપ્વર્થ અને પોતાના જન્મ પરગણાની ઘણી મૂલાકાત લીધી.

વેસ્લીનાં માતુશ્રીનું મૃત્યુઃ—બ્રીસ્ટલમાં હતો ત્યારે તેણે પોતાની માની માંદગી વિષે સાંભળ્યું. અને તેણીનું ફતેહમંદ મૃત્યુ જોવાને ઉતાવળે વેળાસર લંડન જઇ પહોંચ્યો. તેણીને કાંઇ સંદેહ કે ભય હતો નહિ, અને તે પ્રભુ પરના ભરોસા અને શાંતિમાં ૧૭૪૨ ના જુલાઇની ૨૨ મીએ મૃત્યુ પામી. તેણીનામાંથી જીવાત્મા નીકળી ગયો કે તરતજ આજુ બાજુ ઉભેલાં છોકરાંઓએ તેણીની છેલ્લી માગણી પૂર્ણ કરીઃ તે એ હતી કે "બાળકો, હું મરણ પામું કે તરતજ દેવની સ્તુતિનું ગીત ગાજો." તેણીએ પોતાના છેલ્લા દિવસો ફ્રેન્કીમાં ગાળ્યા હતા, અને ધર્મ જાગૃતિથી પુરેપુરી વાકેફ થઇ હતી અને પોતાના પુત્રના કામ સંબંધી તેના હૃદયમાં લાગણી થઇ હતી. ખરેખર તેણી મેથોડીસ્ટપણાની માતા હતી.

કામ વધે છેઃ—૧૭૪૨ ની સાલમાં કામ વધ્યું, અને ઘણાં પરગણાંમાં સમાજો સ્થપાયા. ચાર્લ્સ પોતાના ભાઇને ઘણો મદદરૂપ હતો. તે આખા દેશ પર મુસાફરી કરતો અને એવી રીતે ઉપદેશ કરતો કે તેને જૉનના કરતાં થોડીકજ ઓછી ફતેહ મળતી હતી.

ફરીથી ન્યુકાસલમાં—આ વર્ષના નવેમ્બરમાં વેસ્લીએ ફરીથી ન્યુકાસલની મૂલાકાત લીધી.

ત્યાં તે સાત અઠવાડીયાં સુધી રહ્યો તે દરમ્યાન વારંવાર શહેરમાં અને આસપાસના પ્રાંતોમાં ઉપદેશ કરતો હતો. ત્યાં હતો તે દરમ્યાન તેણે જમીન ખરીદ કરી અને તેના ઉપર એક દેવળ બાંધ્યું કે જેના પાયાનો પત્થર ડીસેમ્બરની ૨૦ મીએ મૂકવામાં આવ્યો. મકાન બાંધવાને તેની પાસે થોડાં નાણાં હતાં, પણ તેની ખાત્રી હતી કે દેવ તે મોકલશે. તેની પાસે રોકડા રૂા. ૨૦ હતા, અને મકાનની કીમત રૂા. ૧૦, ૫૦૦ થવાની હતી. તેની યોજના એવી હતી કે એક દેવળ, અનાથાશ્રમ, નિશાળ અને ચોપડીયોની દુકાન થાય. અને દેવે મદદ મોકલી. એક ધાર્મીક માણસને એવું સ્વપ્નું આવ્યું કે વેસ્લી પોતાની આસપાસ એક મોટું ટોળું લઇને ઉભો છે અને તેમને રાખવાની જગ્યા નથી. આથી તેણે રૂા. ૧૫૦૦ નો એક ચેક મોકલ્યો. બીજા પૈસા પણ આવ્યા અને કામ પુરૂં થયું. તેનું નામ અનાથોનું ઘર એવું પાડવામાં આવ્યું.

તે જીલ્લામાં ખાણમાં કામ કરનારા અને બીજા વેસ્લીનો ઉપદેશ સાંભળવાને એવા આતુર હતા કે તેઓ ઉપદેશ કરવાની જગ્યાએ મૂકેલી પાટલીઓ પર સુઈ રહેતા એ માટે કે મોટી સ્હવારે થતી ભજન સેવામાં હાજર રહેવાય. વેસ્લીને તે શહેર છોડીને જતાં ઘણું કઠણ પડ્યું. જ્યારે તે લંડન પછો જવા નીકળ્યો ત્યારે પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો તેની પછવાડે વીંટળાઇને શહેરના દરવાજા સુધી ગયાં. ૧૭૪૩ ના માર્ચની ૨૩ મીએ વેસ્લી પાછો આવ્યો અને નવા દેવળમાં પ્રથમ ભાષણ કર્યું.

વેલ્સ દેશમાં:—૧૭૪૩ ના મેની ૬ ઠીએ વેસ્લીએ કાર્ડીફ શહેરમાં પ્રથમ વેલ્સ દેવળ ખુલ્લું મૂક્યું. તેણે વેલ્સમાં પોતાનું પ્રથમ ભાષણ ૧૭૩૯ ના અકટોબરની પંદરમીએ કર્યું હતું અને વેલ્સમાં તેના હાથે થનાર પ્રથમ ખ્રીસ્તી એક ગરીબ સ્ત્રી હતી. આ બાઇ તેની વાત સાંભળવાને ૭ માઇલથી ચાલીને આવતી અને પોતાને શાંતિ મળતાં સુધી ત્રણ ગાઉ સુધી તેની પછવાડે પછવાડે ગઇ. બ્રીસ્ટલથી વેલ્સમાં તેણે ઘણી મુસાફરીઓ કરી. કાર્ડીફ શહેર આગળ તેને ઘણી ફતેહ મળી હતી. અને આ ઠેકાણે વેલ્સની માતૃ મંડળી સ્થાપવામાં આવી હતી.

૧૭. થાકે નહિ એવો સુવાર્તીક. (૨)

કાર્નવાલમાં:—પશ્ચિમ તરફના કાર્નવાલ પરગણામાં વેસ્લીને ઘણી ખરી મોટી સફળતાઓ મળી. તે દરમ્યાન ઘણી ખરાબ રીતે લોકો તેની સામા થતા અને તેની સતાવણી કરતા હતા. ઉપદેશ કરવાની મુખ્ય જગ્યા ગ્વેનાપ આગળ હતી કે જ્યાં એક મોટી રંગભૂમિ ખાણ હતી. તેમાં તેની વાત સાંભળવાને દસ હજાર માણસો એકઠા મળતા હતા, તે દીવસોથી કાર્નવાલ મેથોડીસ્ટનો કીલ્લો બન્યું છે.

પાઠશાળામાં છેલ્લું ભાષણ:—લીન્કન કોલેજના ફેલો (આચાર્ય) તરીકે ઑક્સફર્ડની પાઠશાળામાં દર ત્રીજે વર્ષે ઉપદેશ કરવો એ તેની ફરજ હતી. ત્યાં આગળ તેનું છેલ્લું ભાષણ ૧૭૪૪ ના આગસ્ટની ૨૪ મીએ કરવામાં આવ્યું હતું તેણે

વિશ્વાસુપણે સાદુ શાસ્ત્રીય ભાષણ કર્યું, તેથી ફરીને ઉપદેશ કરવાનું તેને કહેવામાં આવ્યું નહિં. ગેરહાજર રહેવાની રજા ન લીધી હોય તો ફેલો હોય તે પોતાની પાઠશાળામાં હાજર રહે એવો ધારો હોય છે. ૧૭૩૫ ના નવેમ્બરની ૬ ઠીથી તેની ગેરહાજરીની રજા દર છ છ માસે નવી કઢાવવામાં આવતી હતી. નવેમ્બર ૧૭૫૦ સુધી તેણે તેમ કર્યા કર્યું. આ વખતે તેણે કહ્યું કે આ છેલ્લી વાર મારી રજા મંજુર કરો. અને પછી ૧૭૫૧ ના જ્યુનની પહેલીએ પોતાની ફેલોની પદવીનું ખુશીથી રાજીનામું આપ્યું. તેનામાં હમેશ ઑકસફર્ડની સુખદાયક યાદી રહેતી હતી.

સરકીટો:—૧૭૪૬ ની સાલમાં આખા દેશનાં સરકટો પાડવામાં આવ્યાં. અને આ વર્ષે તેઓ ઉપદેશકોની નીમણુક સહીત કૉન્ફરન્સના લેખમાં આવે છે.

આયર્લૅંડમાં:—આયર્લૅંડ બેટમાં મેથોડીસ્ટ મત ટૉમસ વેલ્શની માર્ફતે પ્રવર્ત્યો. આ માણસ તે એક રોમન કેથોલીક હતો અને યાજક પદને માટે કેળવણી પામ્યો હતો. આ માણસનું બદલાણ થયું હતું. અને વેસ્લીએ તેને સુવાર્તા પ્રગટ કરવા સારૂ પાછો આયર્લૅંડમાં મોકલ્યો. જો કે સખત સતાવણી થઇ તોપણ તેના કામમાં ફતેહ મળી. તેના તેડવાથી વેસ્લી ૧૭૪૭ ના ઓગસ્ટની ૯ મીએ આયર્લૅંડ ગયો અને ડબ્લીન મૂકામે ઉતર્યો. ત્યાર પછી તેણે આયર્લૅંડની ૨૦ વાર મૂલાકાત કરી અને બધાં મળી ત્યાં છ વર્ષ ગાળ્યાં.

પહેલી મૂલાકાત વખતે તેના પ્રત્યે તોછડી વર્તણુંક ચલાવવામાં આવી. પણ બાજે વર્ષે બીજી મૂલાકાત વખતે તેનો આવકાર કરવામાં આવ્યો કારણ કે તે દરમ્યાન દેવનું કામ આગળ ચાલ્યું હતું, અને ઘણા મેથોડીસ્ટ લોકો હતા કે જેઓએ ઘણી ખુશીથી તેનો આવકાર કર્યો.

૧૭૫૦ માં તેણે કોર્ક શહેર કે જ્યાં ઘણાં બંડ' હતાં તેની મૂલાકાત લીધી.

આયર્લેંડમાં વેસ્લીનું કામ થયું તેમાં લડાઇના સીપાઇઓમાં જે ફતેહ મળી તેને માટે વિખ્યાત છે. કિન્સેલમાં કીલ્લા આગળ એક ટેકરી હતી ત્યાં સીપાઇઓએ પોતાની તલવારોથી આસન કાપી કહાડયું, અને ટેકરી પર મોટાં ટોળાં એકઠાં મળ્યાં અને ઘાસ પર બેઠાં અને તેણે ઉપદેશ કર્યો.

૧૭૫૮ સુધીમાં તો તેણે આયર્લેંડના દરેક ભાગની મૂલાકાત લીધી હતી. કામ ઝડપ બંધ ફેલાયું હતું. અને મેથોડીસ્ટ મતની સંખ્યા વધી હતી એટલુંજ નહિ પણ લોકપ્રીયતા પણ વધી હતી.

૧૭૫૮ માં તેણે લીમરીકમાં પેલેટીન લોકની મૂલાકાત લીધી. આ લોકો જર્મનીથી આશરાને માટે નાશી આવેલા પ્રોટેસ્ટન્ટ ખ્રીસ્તીઓ હતા. અને તેમને ત્યાં એક સૈકા ઉપર વસવા દેવામાં આવ્યા હતા. તેણે તેમને કોઇ પાદરી વગરના જોયા. અને તેઓ દુષ્ટ જીવન વૃતીને માટે તથા અધર્મીપણાને લીધે જાણીતા હતા. મેથોડીસ્ટ શીક્ષણે તેમને બરોબર જાગતી રાખ્યા. અને એવો મોટો ફેરફાર થઇ ગયો કે બે વર્ષ પછી જ્યારે વેસ્લીએ આ જર્મન સંસ્થાનો-

માંનાં ત્રણ ગામોની મૂલાકાત લીધી ત્યારે તેણે જોયું કે ગાળા ગાળી, કે દારૂ પીવાની ટેવ અથવા શાબ્બાથ ભંગ થતો નહોતો. પછી પેલેટીન લોકોએ આયર્લેંડ છોડી દીધું. અને ઘણાખરા અમેરિકા ગયા કે જ્યાં તેઓ મેથોડીસ્ટપણાનાં બીજ લઈ ગયા, અને આમાંના ત્રણ જણે, એટલે ફીલીપ એમ્બરી, રૉબર્ટ્ સ્ટ્રૉબ્રીજ અને મીસીસ બાર્બરા હેકે, ન્યુયોર્ક અને બીજે ઠેકાણે મેથોડીસ્ટપણાના રોપ રોપ્યા અને અમેરિકામાં મેથોડીસ્ટના ફેલાવાનો રસ્તો ખુલ્લો મૂકયો.

સ્કૉટલેંડ દેશમાં—કર્નલ ગલાતીનની આગ્રહપૂર્વક માગણીથી વેસ્લીએ ૧૭૫૧ માં સ્કૉટલેંડ દેશની પ્રથમ મૂલાકાત કરી. તેમ છતાં મેથોડીસ્ટ સભાઓમાં થએલા કેટલાક ખ્રીસ્તી યોદ્ધાઓની માર્ફતે સ્કૉટલેંડના માણસોએ મેથોડીસ્ટ શીક્ષણ સાંભળ્યું હતું. તેને સ્કૉટલેંડના લોકો સભ્ય અને માન આપનારા અને ઘણા ધ્યાનથી સાંભળનારા માલમ પડ્યા. તેઓ તેનો સંદેશો સાંભળવાને આતુર જણાયા. ઘણી જગ્યાઓમાં સમાજો સ્થાપવામાં આવ્યા. પણ સભાસદોની સંખ્યા થોડી હતી. તોપણ બીજી મંડળીઓને ઉત્તેજન કરવામાં ઘણો ફાયદો થયો હતો. તેણે સ્કૉટલેંડની ઘણી મૂલાકાતો લીધી તે દરમ્યાન તેનાં મુખ્ય શહેરો જેવાં કે એડીનબરો, ગ્લાસ્ગો, ઍબર્ડીન, ડન્ડી અને બીજાં સ્થળોએ મૂલાકાત કરી. અને ઉપદેશ કરતો હતો.

લગ્ન—૧૭૫૧ના ફેબ્રુઆરીની ૧૮ મીએ વઝીલ મડમ સાહેબ નામની વીધવા બાઇ સાથે વેસ્લીનાં

લગ્ન થયાં. આ બાઈ લંડન મંડળીનાં સભાસદ હતાં. તે સારૂં લગ્ન નહોતું. લગ્ન પછી થોડી મૂદતે તેણીએ શંકા, બદસ્વભાવ, ઈર્ષ્યા અને અદેખાઈ દેખાડચાં. તેથી વેસ્લીની જીવનવૃત્તિ બહુજ દુઃખી બની ગઇ. તેણીએ તેના ઘણાક કીમતી પત્રો બાળી નાખ્યા, તેનાં સગાં સંબંધીઓ સાથે અમાયાળુપણે વર્તવા લાગી. તેણે પોતાની કસોટીઓ ધીરજ અને દૃઢતાથી સહન કરી. તેણી ૧૭૮૧ માં મૃત્યુ પામી.

ભયંકર માંદગી—૧૭૫૩ માં વેસ્લીને સખત માંદગી થઈ અને તેના મિત્રોએ ધાર્યું કે તેનું આયુષ્ય પુરૂ થઇ ગયું છે. પણ ઇશ્વરે તેનો જીવ બચાવ્યો અને બ્રીસ્ટલમાં તે આરામ લેવાને ગયો. ત્યાં આગળ તેણે "નવા કરારની ટીકા" નામે પોતાનું પ્રખ્યાત કામ શરૂ કર્યું.

૧૮. થાકે નહિ એવો સુવાર્તિક. (૩)

જૉન ફ્લેચર—૧૭૫૭ ના માર્ચની ૧૩ મી એ વેસ્લીએ પોતાની નબળાઇ જોઇ અને મદદને સારૂં દેવની પ્રાર્થના કીધી. સાધારણ રીતે રવીવારે તે આઠ ભાષણો કરતો હતો. વેસ્ટ સ્ટ્રીટના દેવળમાં સંસ્કારને લગતી ક્રિયા વખતે ઘણું કરીને ૬૦૦ માણસો હાજર થતાં હતાં. વેસ્લીની પ્રાર્થનાનો જવાબ દેવામાં આવ્યો. વેસ્ટ સ્ટ્રીટમાં ભજન સેવા ખલાસ થઈ કે જૉન ફ્લેચર કે જે તેજ રહવારે દીક્ષા પામ્યો હતો તે આવ્યો. વેસ્લી કહે છે કે "દેવના માર્ગો કેવા અજબ છે! જ્યારે મારૂં શારિરિક બળ ઘટી ગયું અને કોઇ પણ પાદરી મને

મદદ કરવાને શક્તિવાન કે ખુશી નહોતો ત્યારે દેવે સ્વીટઝર્લેંડના પર્વતોમાંથી મદદ મોકલી; અને એવો મદદમાર મોકલ્યો કે જે દરેક બાબતમાં મદદગાર હતો." ફ્લેચર પુરાં ૩૦ વર્ષનો પણ નહોતો. વેસ્લી ભાઇઓની સાથે ઓળખાણ પામેલાં રાજ્ય ધર્મના પાદરીઓમાં તે આગેવાન હતો. તેનો જન્મ સ્વીટઝર્લેંડમાં થયો હતો. તે ધર્મના કામને સારૂ કેળવણી પામ્યો હતો, પણ સ્વીઝર્લાંડની મંડળીને અનુસરતો નહિ. ઘણી મુસાફરી કરીને તે ઇંગ્લંડ ગયો અને ફ્રેન્ડીમાં ખ્રીસ્તી થયો અને રાજ્ય ધર્મનો પાદરી થયો. કેટલાંક વર્ષ સુધી વેસ્લીને મદદ કર્યા બાદ તે માડીલેમાં રાજ્યધર્મ ખાતે પાળક બન્યો. ત્યાં તે રહ્યો અને ૨૫ વર્ષ સુધી ઉપદેશ કર્યો. વેસ્લી પ્રત્યે તેને ઘણી લાગણી હતી અને તેના હાથે થએલા ખ્રીસ્તીઓના તેણે મેથાડીસ્ટ વર્ગ પાડયા. તે ખરેખરો મેથોડીસ્ટ હતો. તે મેથોડીસ્ટ લોકોનો હમેશનો મિત્ર અને મદદગાર હતો. સૌથી સખત સિદ્ધાંતોને લગતી તકરારોમાં તેણે મેથોડીસ્ટ સીદ્ધાંતોના બચાવમાં સૌથી મજબુત અને સૌથી કીમતી લખાણ લખ્યું. પોતાની પછી તેની જગ્યા સાચવે એવું વેસ્લીએ ઇચ્છયું; પણ તે વેસ્લી પહેલાં સોળ વર્ષે, ૧૭૭૫ માં, મૃત્યુ પામ્યો. ફ્લેચર સારો માણસ હતો અને તેના વિષે એમ કહેવામાં આવ્યું છે કે "ખ્રીસ્તી ધર્મનો ઉદય થયા પછી ખ્રીસ્તમાં જે મન હતું તેવા મનની સાથે હરીફાઇ કરે એવું મન તેનામાં હતું તે સિવાય કદાપી કદી કોઇનામાં નહોતું."

દેવળો—૧૭૬૭ ની શરૂઆત સુધીમાં તો રા-

જ્યના જુદા જુદા ભગોમાં એકસો દેવળનાં મકાનો થયાં. અને વેસ્લીએ સેંકડો નાનાં ગામ ઉપરાંત દરેક મુખ્ય શહેરોની મૂલાકાત કરી હતી અને તેમાં ઉપદેશ કર્યો હતો.

અમેરિકામાં પહેલા ઉપદેશકો—હમે અગાઉ કહી ગયા તે પ્રમાણે ઘણા પેલેટીન લોકો અમેરીકા ગયા હતા અને સુવાર્તા પ્રગટ કરવા લાગ્યા હતા. થોડી વારમાં તેમને પાળકની જરૂર જણાઇ અને તેથી તેઓએ વેસ્લીને ખબર મોકલી તેમાં તેઓએ તેને પાળક મોકલવાનો આગ્રહ કર્યો. અને તેણે ૧૭૬૯ માં રીચર્ડ બોર્ડમેન તથા જોસેફ પીલમૂરને મોકલ્યા. પણ અમેરિકામાં મેથોડીસ્ટ મંડળીના કામની શરૂઆતની હકીકત હમે આવતા અધ્યાયમાં જણાવીશું.

જયોર્જ વ્હાઇટફીલ્ડનું મૃત્યુ—મી. વ્હાઇટફીલ્ડે અમેરિકામાં ઘણો વખત કામ કર્યું હતું. અને અમેરિકાની મૂલાકાત કરવા જતાંજ તે ૧૭૭૦ ના સપ્ટેમ્બરની ૩૦ મીએ મૃત્યુ પામ્યો હતો. દરેક જગ્યાએ ઘણા લોકો તેની વાત સાંભળવા હાજર થતા હતા. પણ લાંબી મુદતથી તેની તબીયત નબળી પડી ગઇ હતી. એક મોટા ટોળાને ઉપદેશ કર્યા બાદ તે આરામ લઈ સર્વ કાળીક પ્રભાતે જાગૃત થવાને નિદ્રાધીન થઇ ગયો. હમે અગાઉ કહી ગયા તે પ્રમાણે તેના અને વેસ્લી વચ્ચેના વાંધા દૂર થઇ ગયા હતા, અને તેઓ નવેસર મિત્ર થયા હતા. તેની તથા વેસ્લીની વચ્ચે એવી કબુલાત કરવામાં આવી હતી કે એમાંથી જે જીવતો રહે તે બીજાના પ્રેત સંસ્કારનું ભાષણ અન્ય

જનોને કરે. આ કામ વેસ્લીએ લંડનમાં સૌથી ગંભીર ભજન સેવા વખતે બજાવ્યું.

લંડનનું સીટી રોડનું દેવળ—આ પ્રસંગે સૌથી મોટો બનાવ એ બન્યો કે લંડનમાં સીટી રોડ રસ્તા પર એક દેવળ બાંધવામાં આવ્યું, એ માટે કે જુની અને હાલ બીન ઉપયોગી ફાઉન્ડ્રીની જગ્યા લેવાય. લંડનમાં બીજાં પણ દેવળો હતાં. પણ આ મેથોડીસ્ટનું મુખ્ય દેવળ થવાનું હતું. ૧૭૭૭ ના ઓગસ્ટની ૨૧ મી વેસ્લીએ પાયાનો પત્થર નાખ્યો. ૧૭૭૮ ના નવેમ્બરની પહેલીએ દેવના ભજન તથા સેવાને સારૂ તે દેવળ ખુલ્લું મૂકવામાં આવ્યું. તે ઘણો આનંદનો દિવસ હતો. તેની એક બાજુએ એક રહેવાનું ઘર બાંધવામાં આવ્યું હતું. તેમાં વેસ્લી અને તેના ઉપદેશકો રહેતા હતા. આ ઘરમાં વેસ્લી મરણ પામ્યો. અને દેવળની પાછળની દાટવાની જગ્યાએ તે અને પાંચ હજાર કરતાં તેના ઇશ્વર સેવાને અર્થે અર્પીત થએલા ઉપદેશકો તથા સભાસદો શાંતિમાં પડી રહ્યા છે.

હૉલેંડમાં—૧૭૮૩ અને ૧૭૮૬ માં તેણે હૉલેંડની બે સારી મૂલાકાતી લીધી. તે શહેરના સ્વચ્છ રસ્તાઓ જોઇ ઘણો અજબ થયો હતો. અને ધર્મવાળા લોકો સાથે તેને સારી વાતચિત થઇ હતી.

પરદેશી મીશન મંડળી—૧૭૮૩ ની સાલમાં પરદેશો ખાતે ધન્યવાદી સુવાર્તાનું કામ આગળ ચલાવવાને પરદેશી મીશન મંડળી (ફારન મીશનેરી સોસોઇટી) શરૂ કરવામાં આવી હતી

ઢંઢેરાનો લેખ—૧૭૮૪ માં વેસ્લીને સખત

માંદગી થઈ અને તેનું આવરદા આવી રહેવા લાગ્યું તેથી એવી જરૂર જણાઈ કે તેના મૃત્યુ પછી મેથોડીસ્ટ સમાજોને સારૂ કંઈક કાયદા ઘડવા અને મેથોડીસ્ટ મંડળીનું કામ કાયમ રાખવાને તેણે એક યોજના જાહેર કરી. કાયદેસર સલાહ લેવાનો યત્ન કરતાં તેને એવી સલાહ આપવામાં આવી કે કૉન્ફરન્સના સભાસદોની નોંધ કરવી, ૧૭૮૪ ના ફેબ્રુઆરીની ૨૮ મીએ વેસ્લીએ પોતાના "ડીડ ઑફ ડેક્લેરેશન" (ઢંઢેરાનો લેખ) પ્રગટ કર્યો અને થોડા દિવસ પછી તેની નોંધ સદર અદાલતમાં કરવામાં આવી. તેમાં એકસો ઉપદેશકો કે જેઓ કૉન્ફરન્સના સભાસદો થનાર હતા તેઓનાં નામ હતાં. તેમને દર વર્ષે એકઠા મળવાનું હતું અને જો સંખ્યામાં કાંઈ ઘટાડો થયો હોય તો તે જગ્યાઓ તેઓની સંખ્યા પુરી થતાં સુધી પુરી પાડવી. તેમજ એક પ્રમુખ અને એક ચિટનીસ નીમવો. ઉપદેશકોની નેમણુક કરવી અને સમાજો પર સામાન્ય દાબ રાખવો એ તેમનાં કામ હતાં બધાં મેથોડીસ્ટ મંડળીના ખત પત્રમાંથી ઉપદેશકો નીમવાની સત્તા વેસ્લીને મળી હતી, અને હવે આ સત્તા કૉન્ફરન્સના હાથમાં ગઈ. આ વખતે લગભગ ૧૭૦ ઉપદેશકો હતા અને તેમાંના કેટલાક નારાજ થયા હતા કારણ કે પેલા સોમાં તેમનાં નામ નહોતાં. પણ ૧૭૮૫ ની કૉન્ફરન્સ વખતે ઢંઢેરાના લેખની કદર કરીને બધા ઉપદેશકોએ તે લખાણ પર સહી કરી. પોતાના મૃત્યુ પછી કૉન્ફરન્સની આજ્ઞા પાળતાં લોકોને શીખવવા સારૂ અને સમાજોને તૈયાર કરવા માટે વેસ્લીએ પોતાની સત્તા કૉન્ફરન્સને તાબે રાખી હતી. અને તેઓ તેના મરણ સુધી

વર્ષોવર્ષ તેને પ્રમુખ નીમતા હતા.

દીક્ષા—આ વર્ષમાં તેણે રેવ. ડાકટર ટૉમસ કોકને અમેરીકાના બીશપ, અને બીજા બે જણને, વડીલની દીક્ષા દીધી. ત્યાર પછી સમાજોમાં સંસ્કારો પળાવવાને તેણે કેટલાક ઉપદેશકોને દીક્ષીત કર્યા.

ચાર્લ્સ વેસ્લીનું મૃત્યુ—૧૭૭૮ ના માર્ચની ૨૯ મીએ ચાર્લ્સ વેસ્લી લંડન કે જ્યાં તે વીસ વર્ષ સુધી રહ્યો હતો ત્યાં મરણ પામ્યો. તેની આસપાસ તેની સ્ત્રી તથા બાળકો હતાં અને તે શાંતિથી ઊંઘી ગયો. આ રીતે જાગૃતિનો મોટો કવિ અને ગવૈયો ચાલ્યો ગયો. તે વખતે જૉન ઈંગ્લાંડના બીજા ભાગમાં હતો. અને તેના મૃત્યુની તેને બહુ લાગણી થઈ. તેણે પોતાના બંધુની શિખામણની કદર કરી અને તે બે ભાઈઓના પ્રેમમાં કદી બિગાડ થયો નહોતો. તેની વીધવા તથા બાળકોને પોતાના પ્રીય બંધુની જગ્યા પુરી પાડવાને તેણે પોતાથી બની શકે તેટલું કર્યું. સુવાર્તિક કામમાં ઉપદેશમાં, હોશીયારીમાં, અને કામના ફળમાં ચાર્લ્સ પોતાના વડા અને ઘણા પ્રખ્યાત બંધુ જૉન કરતાં બાબેજ ઉતરતો હતો.

૧૯. તેના મદદનીશો.

વેસ્લીની જીંદગીનો કોઈપણ હેવાલ તેના મદદગાર વિષે લખ્યા વગર પુરેપુરો જણાવાય નહિ.

મદદનીશોમાં વેસ્લી સુખી હતો. જે મનુષ્યોને તેણે પોતાની પાછળ મેળવ્યા હતા તે બધા તેના જેવાજ આત્માના અને હેતુના હતા. તેમાંના ઘણાખરા તેનાં પોતાનાં આત્મક છોકરાં હતાં. તેઓ દરેક હજારો માઈલ સુધી ઉપદેશ કરતા કરતા મુસાફરી કરતા હતા. અને પોતાની ઈચ્છાથી આત્મત્યાગ કરેલા માણસોની માફક રહેતા હતા. અને ખ્રીસ્તી મંડળીમાં કે બીજે કોઇ પણ ઠેકાણે કોઇ પણ ઉપદેશકોની ટોળી તેમનાથી ચઢી જાય તેવી નહોતી. તેઓમાંના ઘણાખરા સાદા અને અભણ માણસો હતા. પણ તેઓ આત્મિક બાબતમાં ડાહ્યા અને પવિત્ર આત્માએ ભરેલા તથા જાણવા જોગ ઉપદેશકને લગતી હોશીયારી પામેલા માણસો હતા. અને તેમોથી પ્રત્યે પાઉલની સંભાળ તે પોતાના મદદનિષોને માટે વેસ્લીના પ્રેમ અને સંબંધનું ખરૂં ચિત્ર છે.

લંડનમાં પ્રથમ સ્થાનિક ઉપદેશક જોસેફ હમ્ફ્રી હતો; બ્રિસ્ટલમાં શાળાનો શીક્ષક જૉન સેનીક હતો કે જેણે કેટલાંક સુંદર ગીતો લખ્યાં; લંડનનો ટોમસ મેકસફીલ્ડ, અને બરસ્ટૉલનો સલાટ જૉન નેલ્સન; આ ચાર સાદા માણસો હતા કે જેઓ મેથોડિસ્ટ મંડળીમાંના સ્થાનિક ઉપદેશકોના સૈન્યના આગેવાનો હતા.

ધર્મને લગતા કામમાં તેના મદદ કરનારાઓમાં તેનો બંધુ ચાર્લ્સ, જૉન ફ્લેચર, મી. પેરોનેટ અને ડા. ટૉમસ કોક, આ મુખ્ય પાદરીઓ હતા.

પણ હવે સ્ત્રીઓને વિસરી જવી જોઇએ નહિ. જ્યારથી આપણા પ્રભુની પછવાડે તેની સેવા કરતી વિશ્વાસ કરનારી સ્ત્રીઓ ચાલી ત્યારથી ખ્રીસ્તી મંડળીમાં એવી લાભદાયક હીલચાલ નથી થઇ કે જેમાં સ્ત્રીઓએ ઉત્સાહથી અને પુરા અંતઃકરણ તથા જીવથી ભાગ લીધો ન હોય. વેસ્લીથી થએલી જાગૃતી તે કાંઇ અપવાદીક નહોતી. જૉન વેસ્લીની પછવાડે સ્ત્રી કામદારોની ઉમદા ટોળી એકત્ર થઇ અને સ્ત્રીઓ કરી શકે તેવી દરેક પ્રકારની ભજન સેવાનું કામ કરવા લાગી. તેઓમાં મૂખ્ય જૉન વેસ્લીની માતા, લેડી હંટીંગ્ડન, લેડી મેકસ્વેલ, મીસીસ ફ્લેચર, મીસીસ રીચી, મીસીસ રાજર્સ, મીસીસ કાસ્મી અને મીસ માલેટ હતી.

૨૭. વીરૂદ્ધતા અને સતાવણી.

એમ ન ધારવું કે વેસ્લી, તેના મિત્રો અને મદદગારોનો રસ્તો સારો અને શાંત હતો. ખરી વાત છે કે ફતેહ મોટી હતી પણ તેજ પ્રમાણમાં સખ્ત પ્રાણાર્પણો કરવાં પડયાં હતાં અને કઠણ સતાવણી વેઠવી પડી હતી. મિલ્કતનો નાશ કરવામાં આવ્યો હતો, ઘરપર હૂમલ્લા કરવામાં આવ્યા હતા, જીવ જોખમમાં નંખાયા, રકત વહેવડાવાયું હતું અને ધર્મને સારૂ પ્રાણ ત્યાગ કરનારાઓએ મૂગટ મેળવ્યા હતા. ઘણાં સ્થળોએ અને ઘણું કરી

ધર્મ જાગૃતિનાં પાછલાં વર્ષોમાં મેથોડિસ્ટ કે મેથો-ડીસ્ટના મિત્ર તરીકે ઓળખાનારાઓ પ્રત્યે ખાસ તિરસ્કાર અને નિર્લજ વર્તન ચલાવવામાં આ-વતાં હતાં.

સઘળા વર્ગો એટલે ઉંચ અને નીચ, ગરીબ અને પૈસાદાર, સર્વ તેમાં સમેટાયા હતા. આપણે જોઇ ગયા છીએ તે પ્રમાણે તેમને દેવળમાં પેસવા દેવામાં આવતા નહોતા; પાદરીઓ સામા થતા એ-ટલુંજ નહિ પણ લોકોને ઉશ્કેરતા હતા. ન્યાયાધીશો ઘણીવાર સંરક્ષણ કરવાની ના પાડતા અને તેમની ઉશ્કેરણીથી લોકોને ઉત્તેજન મળતું હતું. વર્તમાન પત્રો એકદમ નિર્લજ અને ખરાબ લખાણો લખીને તોફાનીઓને ઉશ્કેરતાં હતાં. ભાગ્યેજ દેશમાં કોઈ એવો ભાગ હતો કે જ્યાં આગળ મેથોડીસ્ટ લોકો તરફ આવી ભાડી અને ઘાતકી વર્તણુક ચલાવવા-માં ન આવતી હોય. કેટલીક જગ્યાઓમાં પાદરી-ઓએ ઉશ્કેરેલા લોકો રાની પશુઓની માફક વર્તતા હતા.

વેડનેસ્બરીમાં તોફાનીઓએ ગર્જના અને પોકાર કરીને પત્થર ફેંકયા જેમાંના કેટલાક ચાર્લ્સ વેસ્લીને વાગ્યા. ન્યાયાધીશોએ બચાવ કરવાની ના પાડી અને તેથી તોફાન છ દિવસ સુધી ચાલ્યું. જૉન વેસ્લીએ ત્યાં જઇને કહ્યું કે "આ જગ્યા તે રાની પશુઓની ગુફા છે." કેટલીક વાર તેને તેમનાં હથીયારોવડે માર મારવામાં આવ્યો હતો. તેને છાતીપર વાગ્યું અને મ્હોં પરનો એવા જોસ-ભેર વાગ્યું હતું, કે દડ દડ લોહી પડતું હતું. તેનાં

વસ્ત્રના ફાડીને ચીરાચીરા કરી નાંખવામાં આવ્યા હતા. તે અજબ રીતે બચી જવા પામ્યો હતો.

બ્રીસ્ટલ તથા લંડનમાં ન્યાયાધીશોએ તરતજ તોફાન શાંત પાડયું. લંડનના ન્યાયાધીશોમાંના પ્રમુખે કહ્યું કે "જો તમે હમને અરજ કરો તો તમને ઈન્સાફ આપવાનું કામ હમને ઉપરથી અપાયું છે." ઉપર એ શબ્દ બોલીને તે બીજા જ્યોર્જ રાજાને સુચવતો હતો. તેણે પ્રીવીકાઉન્સીલ નામની સભામાં જ્યારે મેથોડીસ્ટ લોકોની સામેનાં તોફાનો વીષેનો વાદવિવાદ ચાલતો હતો ત્યારે આ સત્તા તેમને આપી હતી. એમ બોલીને કે "હું ગાદીપર છું ત્યાં સુધી પોતાના મનને જે ખરૂં લાગે તે પ્રમાણે કરનાર કોઈની સતાવણી કરવી નહિ એમ હું તમને કહું છું."

કોર્નવેલમાં કેટલાંક ખરાબ તોફાન થયાં હતાં. ફાલમાઉથ મૂકામે જે ઘરમાં વેસ્લી બેઠો હતો તે ઘર પર તોફાનીઓએ હલ્લો કર્યો પણ દેવે તેનો ચમત્કારિક રીતે બચાવ કર્યો.

આયર્લેંડમાં રોમન કેથલીક પાદરીઓ ઘણા સામા થયા અને લોકોને ઉશ્કેર્યા. કોર્ક શહેરમાં બહુ જુસ્સામાં તોફાન ચાલ્યા કરતું હતું. જે કાંઇ પોતાના હાથમાં આવે તે તોફાનીઓ ઉપદેશક ઉપર ફેંકતા હતા; પણ કેટલીક જગ્યાઓએ સીપાઇઓની દોસ્તી થઇ અને તેઓ તેની તથા તેના મદદગારોની બન્ને બાજુએ રહીને ચાલતા હતા અને તેમનું રક્ષણ કરતા હતા.

આટલી બધી સતાવણી થઈ તોપણ તેના ઉપ-

દેશકો તેને વળગી રહ્યા અને તેની સાથે જીવવું કે મરવું એવો નિશ્ચય કર્યો. રોજ તેમની સતાવણી કરવામાં આવતી હતી. જ્યાં કાંઇ તેઓ ઉપદેશ કરવાને જતા હતા તે સર્વ ગામો ને શહેરમાંથી તેમને હાંકી કહાડવાને તોફાનીઓ, ન્યાયાધીશો અને પાદરીઓ એકત્ર જોડાયા હતા. કેવાં બહાદુર નરનારીઓ! અને શુરવિરો! તેમનું શુરવિરપણું કેવું! લોકોને ખ્રીસ્તની ગમ લાવતાં તેઓ દુઃખ વેઠવાને, કેદમાં જવાને, લોહી વહેવડાવવાને, અને પોતાન પ્રાણ આપવાને હમેશાં રાજી હતાં.

પણ વેસ્લીમાં અદ્દભુત ધીરજ, હોશીયારી, સાવચેતી અને સમયસૂચકતા હતાં. તે સીંહ જેવો બહાદુર હતો અને પોતાના સામાવાળીઆઓની સામે થવાનો દરેક સ્થળે આગ્રહ કરતો અને રૂબરૂ તેમની સામે જતો હતો. લોકોનાં મોટાં ટોળાંઓની આગળ વાત કરવાની તેનામાં અજબ શક્તિ હતી. તે સીંહ જેવા માણસોને ઘેટા જેવા બનાવી દેતો ને રાજાઓને મિત્રો બનાવતો. સૌથી કટા શત્રુઓમાંના કેટલાક ખ્રીસ્તી થઈ ગયા. અને તેના સૌથી મજબુત મદદગાર નીવડયા. પછી જ્યારે જરૂર પડતી ત્યારે તે કાયદાની વિનંતી કરતો હતો. જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં લોકોને એમ માલમ પડતું કે કાયદાની રૂએ સામા થઈ શકાય નહિ ત્યારે તેઓ ઠંડા પડી જતા હતા.

તોફાન કરવાનું કોઇ કારણ નહોતું. રાજ્ય ધર્મના પાદરીઓના તિરસ્કારને લીધે ઘણે ભાગે તે થતું હતું. કેવળ અદેખાઇ અને મતાભિમાન એ

વગર બીજું કાંઇ કારણ નહોતું. અને તે કાળના લોકો એવા હતા કે જૂલમ તથા તોફાન કરવાને જો કોઇ બહાનું મળી આવે તો તે ઝટ પકડી લેતા.

૨૧. અમેરીકામાં મેથોડિસ્ટ મંડળી.

શરૂઆતઃ—જર્મનીથી જઇને આયર્લેંડમાં જઈ વસેલા લોકોમાં મેથોડીસ્ટ ધર્મનું કામ કેવી રીતે સફળ થયું તે તથા તેઓમાંના ઘણાખરા કેવી રીતે અમેરીકા ગયા તે આપણે જોયું છે. અને ૧૭૬૦ માં જેઓ ત્યાં ગયા તેઓમાં ફીલીપ એસ્બરી, બાર્બરાહેક અને રૉબર્ટ સ્ટ્રૉબ્રીજ એ ત્રણ પ્રખ્યાત માણસો હતા. પણ ત્યાર પછી છ વર્ષ એટલે જ્યાં સુધી મીસીસ હેકે એસ્બરીને કામ કરવાને ન ઉશ્કેર્યાં અને તેણે ન્યુયોર્કમાં ઉપદેશ કરવાનું શરૂ કર્યું ત્યાં સુધી મેથોડિસ્ટ મંડળીનું કામ ચાલ્યું નહોતું. કેપ્ટન ટૉમસ વેબ કે જે અંગ્રેજી લશ્કરી માણસ તથા મેથોડિસ્ટ મંડળીનો સ્થાનીક ઉપદેશક હતો તેણે તેમની મૂલાકાત લીધી. તેના હોંશીયારી ભર્યા ભાષણથી ઘણાનું આકર્ષણ થયું હતું. વળી તેણે તે કામના હેવાલ વિષે મી. વેસ્લીને લખી જણાવ્યું અને તેની વિનંતી કીધી કે ઉપદેશકો મોકલો. ૧૭૬૮ માં તેઓએ અમેરીકામાં પ્રથમ મેથોડિસ્ટ દેવળ બંધાવ્યું.

આશરે તેજ સમયે મેરીલેન્ડ સ્ટેટમાં રૉબર્ટ સ્ટ્રૉબ્રીજે ઉપદેશ કરવા માંડયો હતો અને તેણે લાકડાંના મોટા ગાંઠાઓનું દેવળ બનાવ્યું હતું. સ્ટ્રૉબ્રીજે કેટલીક જગ્યાઓમાં ફરીને બોધ કર્યો હતો અને ઘણા સમાજો સ્થાપ્યા હતા.

૧૭૬૯ માં લીડસમાં જે કૉન્ફરન્સ ભરાઈ હતી તેમાં મી. વેસ્લીએ કહ્યું કે "ન્યુ યોર્કમાંના આપણા ભાઇઓ આગ્રહપૂર્વક માગણી કરે છે માટે આવીને મદદ કરો. તો ત્યાં જવાને કોણ ખુશી છે?" રીચર્ડ બોર્ડમન અને જોસેફ પીલમૂર ખુશીથી તૈયાર થયા અને તેઓને મોકલવામાં આવ્યા. વળી અમેરીકામાંના કામની મદદને માટે આ કૉન્ફરન્સે ઉઘરાણું પણ કર્યું.

૧૭૭૦ માં ફીલાડેલ્ફીયામાં એક દેવળ સંપાદન કરવામાં આવ્યું.

૧૭૭૧ માં બીજીવાર માગણી કરવામાં આવી અને તે વખતે ફ્રાન્સીસ આસ્બરી અમેરીકા ગયો. થોડીવારમાં તેણે આગેવાની લીધી અને સર્વ દીશામાં ઉપદેશ કરતો ફર્યો. તેના શ્રમથી કામ વધવા લાગ્યું.

ઇંગ્લેંડથી બીજા કેટલાક ઉપદેશકો મોકલવામાં આવ્યા, અને થએલા ખ્રીસ્તીઓમાંના પણ કેટલાક મંડળીના કામમાં જોડાયા. અને ૧૭૭૩ ના જુલાઇની ૧૪ મીએ મેથોડિસ્ટ મંડળીની પ્રથમ અમેરીકન કૉન્ફરન્સ ભરાઇ જે વખતે દસ ઉપદેશકો હાજર હતા; સભાસદોની સંખ્યા ૧૧૬૦ હતી. એવો ઠરાવ કરવામાં આવ્યો કે ઉપરીપણું મી. વેસ્લીનું રાખવું, અને તેણે તે મેથોડિસ્ટ મતો અને ડિસિપ્લિન મુજબ ચલાવવાં.

રાજ્ય ઉથલપાથલની લડાઈ:—આ સમયે ઇંગ્લેંડ અને અમેરીકાનાં સંસ્થાનો વચ્ચેનો અણગમો ઘણો ભારે થતો જતો હતો અને અમૂક બાજુનો

પક્ષ લેવાને લોકો પર જૂલમ ગુજારવામાં આવતો હતો. ઉથલપાથલ થઇ રહી હતી. અંગ્રેજી ઉપદેશકો એક પછી એક ઈંગ્લેંડ જતા રહ્યા હતા અને આખરે ૧૭૭૮ માં એકલો એસ્બરી રહ્યો હતો. લડાઈના વખતમાં કામને ઘણી ખલેલ પહોંચી હતી અને મેથોડિસ્ટ મંડળીના ઉપદેશકોને ઘણીજ કઠણાઇ તથા સતાવણી વેઠવી પડતી હતી. કેટલીક વાર સંસ્થાનો વાળાઓ તેમના પર એવાં તહોમતો મૂકતા કે તમે તો ઈંગ્લાંડના પક્ષના છો. તો પણ હજારો ખ્રીસ્તી થતા અને સમાજોમાં ઉમેરાતા હતા. ૧૭૮૧ માં એસ્બરીને અમેરીકાનો સુપરિન્ટેન્ડેન્ટ ગણવામાં આવ્યો અને મી. વેસ્લીએ તે પ્રમાણે તેની નીમણુક કીધી. લડાઇને અંતે ૮૦ ઉપદેશકો અને ૧૫૦૦૦ સભાસદો હતા.

મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીની સ્થાપના:—ઈશ્વરેચ્છાનુસાર અમેરીકામાં મેથોડિસ્ટ મંડળીઓના સુધરાનો સમય આવ્યો હતો. ઘણાં વર્ષથી વેસ્લી એમ માનતો હતો કે સંસ્કારો પળાવવાનો મને જેટલો હક છે તેટલોજ સ્થાપવાનો પણ હક છે. રાજ્ય ધર્મનું જુદાપણું જણાવતાં ચાર્લ્સ વેસ્લી આ વાતની વીરૂદ્ધ હતો. પણ અમેરીકામાં ઈંગ્લાંડથી જુદી રીત હતી. રાજ્ય ધર્મના સઘળા પાદરીઓ ઈંગ્લેંડ પાછા જતા રહ્યા હતા અને લોકોને સંસ્કાર પળાવનાર કોઇ હતું નહિ. તેઓ પાળક વગરનાં ઘેટાં જેવા હતા. વળી તેઓએ મી. વેસ્લીને વિનંતી કીધી કે હમારે સારૂ દિક્ષા કરેલા ઉપદેશકો મોકલો. તેથી રાજ્ય ધર્મના બીજા બે પાદરીઓ સાથે ઘણો વિચાર કર્યા બાદ તેણે ૧૭૮૪ ના

સપ્ટેમ્બરની ૨ જીએ રીચર્ડ વ્હાટકોટ અને ટૉમસ વેઝીની એલ્ડરો (વડીલો) તરીકે દિક્ષા કીધી અને તેજ વખતે રાજ્યધર્મનો પાદરી ટૉમસ કોક કે જે મેથોડિસ્ટ લોકનો આગેવાન હતો તેની અમેરીકામાંના સમાજોના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે દિક્ષા કીધી, અને તેને એવી સત્તા આપી કે તમારા સાથી કામદાર તરીકે મી. એસ્બરીની દીક્ષા કરવી અને તેમને એવું શીક્ષણ આપ્યું કે લોકોને એવી રીતે શીખવવું કે તેઓ ઇપિસ્કોપલની દેખરેખવાળી મેથોડિસ્ટ મંડળી સ્થાપે.

આ ત્રણ માણસો ૧૭૮૪ ના નવેમ્બરની ૩ જીએ અમેરીકા તાબે ન્યુયૉર્કમાં આવી પહોંચ્યા. અને પાદરીઓની એક કૉન્ફરન્સ ભરવામાં આવી, જે તેજ વર્ષે ડિસેમ્બરની ૨૪ મીએ બાલ્ટીમોરમાં મળી. અને દસ દિવસ સુધી ચાલી. આ કૉન્ફરન્સે મી. વેસ્લીની સલ્લાહ માન્ય રાખી. તેના હેતું પસંદ કર્યો અને મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીમાં સમાજોની વૃદ્ધી કરી. મી. વૉટકોટ અને મી. વેઝીની મદદ લઇને ડા. કોકે મી. એસ્બરીની દીક્ષા કીધી. આગળ જતાં બીજા ઉપદેશકોની પણ દીક્ષા કરવામાં આવી હતી અને તે પછી સંસ્કારો નિયમીત રીતે મેથોડિસ્ટ ઇપિસ્કોપલ સમાજોનાં દેવળોમાં પળાવવામાં આવતા હતા. ત્યાર પછી થોડીજ મુદ્દતે સુપરિન્ટેન્ડેન્ટ નામ બદલીને બિશપ નામ પાડવામાં આવ્યું હતું

બિશપ ટૉમસ કોક તે વેલ્સનો વતની હતો. તે ઑકસફર્ડ યુનીવર્સીટીમાં ભણ્યો હતો અને ડૉક્ટર ઑફ સિવિલ લૉઝ એ નામની ડીગ્રી તેને મળી

હતી. તે રાજ્ય ધર્મનો દીક્ષીત પાદરી હતો. ત્યાર પછી તે મી. વેસ્લીની સાથે જોડાઇ ગયો. તે ઘણો બુદ્ધીમાન ઉપદેશક હતો અને આપણે જોઈ ગયા છીએ તે પ્રમાણે તે અમેરીકા ગયો અને ત્યાં તેણે મી. વેસ્લીની આગ્રહ પૂર્વક માગણીથી અમેરીકન મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીનો મત પ્રવર્તાવ્યો. આટલાંટિક મહાસાગર તેણે અઢાર વાર ઓળંગ્યો અને પોતે તવંગર હોવાથી સુવાર્તાના પ્રચારને સારૂ પોતાની સર્વ મિલ્કત ખરચનો હતો. તે ૧૮૧૪ માં ૭૦ વર્ષની વયે સુવાર્તા પ્રગટ કરવાને અને મેથોડિસ્ટ ધર્મ હિંદમાં સ્થાપન કરવાને તે દરીયાપર હતો તેવામાં મરણ પામવાથી તેને હિંદી મહાસાગરમાં દાટવામાં આવ્યો હતો.

બિશપ ફ્રાન્સીસ એસ્બરી તે એક આગેવાન હતો. મંડળીને સ્થાપવામાં તથા તેમને વધારવામાં તેનો શ્રમ બીન હરીફ છે. તે ૧૮ વર્ષની વયે ઉપદેશ કરવા લાગ્યો. ૨૬ વર્ષની વયે તે અમેરીકા ગયો. રસ્તા વગરનાં અરણ્યોમાં થઇને તે વર્ષના ૬૦૦૦ માઇલ મુસાફરી કરતો હતો. તે બહાદુર, આગ્રહી, હોશીયાર, અને મોટો આગેવાન હતો. તે અમેરીકાનો વેસ્લી હતો એમ કહીએ તો ચાલે. તે ૭૧ વર્ષની વયે ૧૮૧૬ માં મૃત્યુ પામ્યો.

૨૨. છેલ્લાં વર્ષો અને મૃત્યુ.

લોક પ્રીયતા:—પોતાના બંધુ ચાર્લ્સના મૃત્યુ પછી જૉન વેસ્લી ત્રણ વર્ષ જીવ્યો.

તેનાં છેલ્લાં વર્ષોમાં તેને ઘણું માન મળ્યું. તેના પોતાના લોકો તેના પર પ્રેમ કરતા હતા અને તેને માન આપતા હતા. તેણે દેવના કામને સારૂ દરેક ચીજ એટલે આરાયશ, દ્રવ્ય, અને માન અર્પ્યાં હતાં. આત્મિક રીતે તે તેઓનો પીતા અને આગેવાન હતો. સતાવણી તથા ત્રાસના દિન જતા રહ્યા હતા. જે જે સ્થળે તે મૂલાકાતો કરતો હતો તે સુખી નીવડતી હતી. દરેક સ્થળે સઘળા વર્ગના લોકો તરફથી તેને આદરમાન આપવામાં આવતું હતું. અને તેઓ તે પૂજ્ય સુવાર્તીકને માન આપવા સારૂ એકઠા મળતા હતા. મિત્રો ટોળાંબંધ તેને મળવાને નિકળતા અને ફતેહમંદ રિતે તેને વધાવી લેતા. પોતાની છેલ્લી શિખામણ દાખલ દરેક સ્થળે સમાજોને તે આ સંદેશો કહેતો હતો એટલે કે "ભાઇઓપર પ્રીતિ રાખો; દેવનું ભય ધરો; રાજાનું સન્માન કરો."

૧૭૮૯ માં તેણે આયર્લંડમાં ચાર માસ ગાળ્યા. ડબ્લીન અને કાર્કના મૂખ્ય માણસો તેને નાગરિક માન આપતા હતા. તેને શહેરમાં વધાવી લાવવાને કાર્ક શહેરમાં ચાલીસ ઘોડેસ્વારો મોકલવામાં આવ્યા હતા. મારે ઘેર તે મેમાન રહે એમ દરેક સ્થળે લોકો ચહાતા હતા. તેણે ૬૦ શહેરો અને ગામોની મૂલાકાત કરી અને સો ભાષણો કર્યાં. છેલ્લી વારે તે આયરીશ કૉન્ફરન્સનો પ્રમુખ થયો હતો. જ્યારે તે

ટાપુમાંથી તે નિકળ્યો ત્યારે બંદર ઉપર એક મોટું ટોળું હતું. અને ઘણા જણ તેને મળ્યા અને તેને ચૂંબન કીધું. જ્યારે વહાણ ચાલવા લાગ્યું ત્યારે તે વહાણના તૂતક પર ઉભો રહી હાથ ઉંચા કરી આયર્લેંડને સારૂ પ્રાર્થના કરતો જોવામાં આવ્યો હતો.

પછી કોર્નવૉલમાં મુસાફરી કરી. ત્યાં પણ જાણે તે એક રાજા હોય તેમ તેનો આવકાર કરવાને લોકોનાં ટોળાં રસ્તાપર હારબંધ ઊભાં હતાં. તેનું ભ.ષણ સાંભળવાને ગ્વેનાપ પીટમાં ૨૫,૦૦૦ માણસો એકઠા થયા હતા.

૧૭૯૦ ના જાન્યુઆરીની ૧ લીએ તેણે લખ્યું કે "હવે હું ઘરડો થયો છું. મારી આંખો ઝાંખી થઇ છે. મારો જમણો હાથ ઘણો ધ્રૂજે છે. દરરોજ મને જીર્ણ તાવ રહે છે. છતાં પણ હું કામ અને ઉપદેશ કરી શકું છું. દેવને ધન્ય હો." હજી પણ તે સવારે ચાર વાગે ઉઠતો. અને પોતાના અસલ જુસ્સાથીજ રોજના કામની હકીકત તપાસી જતો હતો.

છેલ્લી સફરો અને ભાષણો:—ફરીને તેણે સ્કૉટલૅંડની મૂલાકાત લીધી. અને પાછા ફરીને એપ્વર્થની મૂલાકાત લીધી અને ઘણો સમુદાય એકઠો થયો. ગામેગામથી લોકનાં ટોળાં તેની સાથે આવ્યાં. તે ચાલતાં ચાલતાં ગીતો ગાતાં હતાં. જો સામેથી બીજું ટોળું આવનાર હોય તો તેના આવતાં સુધી સાથે ગએલું ટોળું તેને છોડીને જતું નહિ.

બ્રિસ્ટલમાં ભરાએલી છેલ્લી કૉન્ફરન્સમાં તે હાજર થયો હતો. ગયાં ચાલીસ વરસ કરતાં છેલ્લાં

દસ વરસોમાં પરિણામ બમણા કરતાં પણ વધુ હતું. ઈંગ્લૅંડમાં ૭૧,૪૬૩, અમેરીકામાં ૪૩,૨૬૦, અને બીજાં સ્થળોએ ૫,૩૫૦; કુલ ૧,૨૦,૦૭૩ સભાસદો હતા.

હજી પણ તે મુસાફરી કરીને ગયો. વેલ્સમાં અને પશ્ચિમ તથા દક્ષિણમાં ફરી તે મુસાફરી કરી લંડન પાછો આવ્યો ત્યારે તેને મળવાને ત્રણ ટોળીઓ સામી ગઇ. બાકીનો વખત તેણે લંડનમાં અને તેની આસપાસની મુસાફરીઓ કરવામાં વખત ગાળ્યો. આ છેલ્લા દિવસોમાં લોકો તેના પ્રત્યે પૂજ્ય ભાવે જોતા હતા. તે રસ્તાઓપર થઇને ચાલી જતો હતો અને તેમની મિત્રાચારી ભરેલી કુશળતાનો પ્રત્યુતર પ્રેરિતના શબ્દોમાં દેતો એટલે કે "નાનાં છોકરાં, એક બીજા પર પ્રીતિ કરો."

જાહેર જગ્યામાં તેણે પોતાનું છેલ્લું ભાષણ ૧૭૯૦ ના અકટોબરની ૨૬ મીએ એક વૃક્ષ તળે વીન્ચેલસરી મૂકામે કર્યું. તે વખતે શહેરનો ઘણોખરો ભાગ હાજર થયો હતો. લખવામાં આવે છે કે તેના ઉપદેશ સાથે અદ્‌ભુત પરાક્રમ હતું અને લોકોની ચક્ષુમાંથી પુષ્કળ આંસુ વહેતાં હતાં."

૧૭૯૧ ના ફેબ્રુઆરીમાં તેણે અમેરિકાની મંડળી પર પોતાનો છેલ્લો પત્ર લખ્યો તેમાં કહ્યું કે, "જેઓ મારા પર લખવા ઇચ્છતા હોય તેમણે વખત ગુમાવવો નહિ કારણ કે વખતે હાથે પકડીને મને કુશળતા કરી લીધા છે, અને મોત હવે બહુ છેટું નથી. મેથોડિસ્ટ તે આખી દુનિયામાં એક લોક છે અને તે પ્રમાણે ચાલુ રહેવાનો તેમનો ઇરાદો છે એ વાત બધા માણસોને જણાવવાની

તક ખોશો નહિ."

તેનું છેલ્લું ભાષણ લંડન પાસે લેધરહેડમાં ૧૮૯૧ ના ફેબ્રુઆરીની ૨૩ મીએ કરવામાં આવ્યું હતું. "તેના પુંજ્ય ચહેરા અને તેના લાંબા સફેદ વાળના ગુચ્છાની એક એવી છબી બની હતી કે જે કદી વિસરી જવાય નહિ."

સૌથી છેલ્લો પત્ર તેણે ફેબ્રુઆરી ૨૪ મીએ ગુલામો રાખવા સંબંધી વિરૂદ્ધ મતના પ્રેમી વીલ્યમ વિલ્બરફોર્સ ઉપર લખ્યો તેમાં તેણે તેને આગ્રહ કીધો કે "જ્યાંસુધી ગુલામગિરી બંધ થઇ જાય ત્યાં સુધી તમે તમારી લડાઇ ચાલુ રાખજો." આ પત્ર ગુલામો પ્રત્યેનો ઉંડો પ્રેમ અને વિલ્બરફોર્સના કામમાં તેનો ઉત્સાહી ભાવ દર્શાવે છે તે અમેરીકામાં રહેતો હતો તે દરમ્યાન ગુલામગિરીનાં દુઃખ કેવાં ભયંકર છે તેથી તે વાકેફ થયો હતો.

મૃત્યુઃ—ફેબ્રુઆરી ૨૫ મી શુક્રવારે તે લંડન પાછો આવ્યો. દિનપ્રતિદિન તે નબળો પડતો ગયો. બીજે મંગળવારે તે અશક્ત પડી જવા લાગ્યો અને પથારી પરથી પાછો કદી ન ઉઠવાને તે સૂઇ ગયો. મિત્રોને તેડવામાં આવ્યા અને તેમને તેણે કહ્યું કે "પ્રાર્થના તથા સ્તુતિ કરો." પછી દરેકના હાથ પકડીને કુશળતા કરતાં કહ્યું કે "છેલ્લી સલામ, છેલ્લી સલામ." જો કે તેનું શારિરીક બળ ઘટી જતું હતું તોપણ તેનો જુસ્સો પ્રશંસાપાત્ર હતો. પછી હાથ ઉંચકીને, પોતાના પુરા બળથી તેણે બુમ પાડીને કહ્યું કે "**સૌથી સારી વાત એ છે કે દેવ આપણી સાથે છે.**"

રાત્રે તેને સ્તુતિના શબ્દો બોલતો સાંભળવામાં આવ્યો હતો. અને બીજે દિવસે સ્હવારે બુધવાર, માર્ચ ૨ જી ૧૭૯૧ ને રોજ દસ વાગે માલમ પડ્યું કે અંત પાસે છે એટલે મિત્રો તેના બીછાનાની આસપાસ એકઠા થઈ ગયા. તેમને મરણ પામતા કુળપતિએ કહ્યું કે "છેલ્લી સલામ." અને પછી શાંતિમાં ૮૮ મે વર્ષે પોતાના પ્રભુની સન્નિધતા તથા આનંદમાં પ્રવેશ કર્યો.

દાટવાની ક્રિયા થયા અગાઉ તેનું શબ સીટી રોડના દેવળમાં મૂકવામાં આવ્યું હતું. અને દસ હજાર માણસોએ તેને છેલ્લી વાર જોયો હતો. તેના ચહેરા પર શાંતિ અને ખુબસુરતી જણાતાં હતાં તેમજ તેના પર સ્મિત હાસ્યનો ભાસ થતો હતો.

માર્ચ ૯ મી ને બુધવારે મોટી સવારે થએલી દફનક્રિયામાં જે મોટા ટોળાએ ભાગ લીધો હતો તે બધાંને ઘણી લાગણી થઈ હતી. અને જ્યારે તેઓએ પોતાના પૂજ્ય અને પ્રીય પીતા તથા આગેવાનનું શબ કબરમાં મૂક્યું ત્યારે મોટેથી રૂદન કરવાનાં ડૂસકાં સંભળાતાં હતાં અને દરેક જણને અશ્રુપાત થયો હતો.

૨૩. તેની વર્તણુંક અને કામની નોંધ.

આ ચરિત્ર સમાપ્ત કરીએ તે પહેલાં એ મહાન અને સત્પુરૂષની વર્તણુંક અને કામની નોંધ ટુંકમાં લઇએ.

દેખાવમાં તે કદે ઠીંગણો હતો પણ તેનું હાડ લોહપ્રમાન, જબ્બર, અને મજબૂત હતું, અને તેનો આત્મા ઉત્સાહપુર્ણ હતો. તેના વાળ લાંબા અને આંખો પ્રકાશીત અને તિક્ષણ હતી. શરિરે તેમજ આદતે બહુજ સાફસુફ રહેનારાવાળો હતો.

વર્તણુંકમાં તે નિઃસ્વાર્થી, બીન લોભી, ચાલાક, વિચારવંત, માયાળુ, અને બીજાઓને માટે વિચારશિલ હતો. સર્વ પ્રસંગે તેનો આનંદી સ્વભાવ પ્રસિદ્ધ હતો. જયાં જયાં તે જતો ત્યાં ત્યાં પોતાનું સુખ તે બીજાઓને પણ પમાડતો.

દ્રવ્ય તેને કંઈ પરિક્ષણ રૂપ નહોતું, અને તેની સખાવત હદપાર હતી. દુઃખીત અને પીડીતોને તે પોતાનાં નાણું આપી દેતો, અને તે કેવળ પોતાના અનુયાયીઓમાંજ એમ કરતો એમ નહિ, પણ સર્વ સ્થળે આપતો. ભલું કરવાની એકે તક તે કદી ગુમાવતો નહિ. જથ્થાબંધ લોકોને ખ્રીસ્તની ગમ લાવવાના કામમાં તેણે પોતાને અર્પણ કર્યો હતો. અને કોઈ પણ સતાવણી તેને નાહિમ્મત કરી શકી નહિ કે તેની ફરજના માર્ગમાંથી ખસેડી શકી નહિ. તે પોતાનો વખત ગરીબોમાં ગાળતો. તેને પોતા સંબંધીનો કંઇ વિચાર નહોતો.

તેના માન સંબંધીની બાબત પણ તેણે દેવને સોંપી હતી.

તેની ઘણી મુસાફરીઓમાં જે જે ઘેર તે રહેતો તે બધે ઠેકાણે તે પ્રીય અને મનગમતો મેમાન હતો. તે એક ખુશકારક સાથી હતો. છોકરાંઓ તેને બહુ ચહાતાં હતાં, અને તે તેમને પોતાના હાથમાં લઇને આશીર્વાદ દેતો હતો.

આદતો—જોકે તે કદી ઉતાવળીઓ નહોતો થતો તોપણ એક ક્ષણ પોતાની ખુશીથી નકામી જવા દેતો નહિ. તેના નિયમિતપણા અને ચોક્કસ-પણાને લીધે તે અર્ધા સૈકા સુધી તેના પર અ.ધાર રાખનારૂં આ મહાન કામ કરવાને તે શક્તિવાન થયો. વખતનો ઉપયોગ કરવામાં તે સંભાળ રાખતો હતો અને પોતાના સઘળા કામની યાદી લખતો હતો, એ માટે કે બની શકે તેટલાં કામ કરાય. તે અક્ષરશઃ "મેથોડિસ્ટ" (નિયમી) હતો.

નિપુણતામાં તે બહુજ પત્રવ્યવહાર રાખ-નાર માણસ હતો, અને ઘણુંકરીને તે સૈકામાં બીજો કોઈ એવો હતો નહિ. વળી તે બહુજ વાં-ચનાર હતો. તે એક જબરો ગ્રંથકાર હતો. તેનાં બહુ ફેલાવો પામેલાં પત્ર સિવાય તેણે સેંકડો પુ-સ્તકો અને ચોપાનીયાં પોતાના લોકોને સારૂ લખ્યાં અને પ્રગટ કર્યાં.

ગીત ગાવાના પરાક્રમમાં તેને વિશ્વાસ હતો અને દરેક સ્થળે પોતાના લોકોને તે ગીત ગાતાં શીખ-વતો અને તેમને સારૂ રાગ સહિતનાં ગીતનાં પુસ્તકો તૈયાર કરતો હતો.

વૈદકિય કામ, ઇસ્પિતાલોની મૂલાકાત, નિશાળો, અને શાબ્બાથશાળાઓ એ બધાં તેના મહાન્ કા-

મનો એક ભાગ હતો. દારૂનો તે દુશ્મન હતો અને તેનો વેપાર બંધ કરવાનો હિમાયતી હતો.

ઉપદેશક તરીકે, સાદી ઢબ, પ્રત્યક્ષ લાગુકરણુ અને સજ્જડ દલીલના સંબંધમાં તે અદ્ભુત માણુસ હતો. જેઓ તેનો ઉપદેશ સાંભળતા તેઓ તેનાં ભાષણ કદી વિસરી જતા નહિ. તેના ઉપદેશમાં ઇશ્વરી પરાક્રમ હમેશાં હાજર દેખાતું હતું, અને તેથી તેના શ્રોતાજનોનાં હૃદય તથા પ્રેરકબુદ્ધિમાં તાત્કાળિક અને સજ્જડ અસર થતી હતી.

વિદ્યામાં કોઇ પણ માણુસ તેનાથી ચઢીયાતો નહોતો.

મુસાફર તરીકે તે યુનાઇટેડ કિન્ગડમ (ગ્રેટ બ્રિન) વિષે તેના જમાનાના બીજા કોઇપણ માણુસના કરતાં તે વધારે જાણુતો હતો. દર વર્ષે, વરસની બધી મોસમો અને બધી ઋતુમાં તે ૪૦૦૦–૫૦૦૦ માઇલની મુસાફરી કરતો. તે વખતે હજુ આગગાડીની શોધ થઈ ન હતી અને તે પગે ચાલીને કે ઘોડાપર કે ઘોડાગાડીમાં બેસીને મુસાફરી કરતો હતો. તે રોજના ૨૫ માઇલ પગે ચાલતો. ઘણીવાર તેનો સંકટમાંથી બહુ બારીક બચાવ થયો. એકવાર એક વાયદો પુરો કરવાને માટે તેને દરિયાને કિનારે કિનારે ચઢતી ભરતીમાં થઇને જવું પડયું અને તેને ઠરાવેલે મુકામે દરિયાના પાણીથી તેના લાંબા ટપકને વાળે ઉપદેશ કરવાને તે વખતસર આવી પહોંચ્યો.

અર્ધા સૈકા સુધી તે ઈંગ્લાંડમાં સૌથી નામીચો માણુસ હતો.

આગેવાન તરીકે વેસ્લી "ઘણો કાબેલ, ઉત્સાહી અને સદ્ગુણી માણુસ હતો."

રાજા જ્યોર્જ ત્રીજો તેના કામની ઘણી કદર કરતો હતો. વેસ્લી ભાઇઓની નિંદા થતી સાંભળીને તેણે એકવાર કહ્યું કે "વેસ્લીનું નામ મને હમેશાં સુખપ્રદ છે." ચાર્લ્સ વેસ્લીનો દિકરો કે જે એક હોંશીયાર ગવૈયો હતો તેનો તે દોસ્ત બન્યો અને એકવાર તેણે વીન્ડસર કાસલમાં તેને કહ્યું "હું એમ માનું છું કે સઘળા મોટા મોટા ધર્માધ્યક્ષોના કરતાં તમારા પીતા, કાકા, જ્યોર્જ વ્હાઇટફીલ્ડ અને લેડી હંટીંગડને ઇંગ્લાંડમાં ખરા ધર્મની ઉન્નતિ કરવાને ઘણું કર્યું છે."

મહાન ઇતિહાસકાર લૉર્ડ મેકૉલે કહે છે કે વેસ્લીમાં વ્યવસ્થા કરવાની બહુ વિશાળ બુદ્ધી હતી. જેનાથી જવલ્લેજ કોઇ ચઢી શકે તેનામાં વ્યવસ્થા કરવાની અને માણસો અને સમાજો ચલાવવાની કુશળતા હતી. તે માણસોનો હાકેમ અને અગ્રેસર હતો. "સર્વે આદમ પુત્રોમાં તેનાથી ચઢીઆતો બીજો કોઈ નથી."

વ્હાઇટફીલ્ડે કહ્યું કે "મારો બંધુ જૉન વેસ્લી ડહાપણથી વર્ત્તતો. તેના કામથી જે માણસો જાગૃત થયા હતા તેમના તેણે સમાજ સ્થાપ્યા અને એ પ્રમાણે તેણે પોતાના શ્રમનું ફળ સાચવી રાખ્યું આ કરવાનું મેં પડતું મૂક્યું અને મારાથી થએલા ખ્રીસ્તીઓ તે એક રેતીની રસી સમાન છે."

છેવટનું પરિણામ—અમે અગાઉ જણાવી ગયા છીએ તે પ્રમાણે મેથોડિસ્ટ મત ધીમે ધીમે વિસ્તાર પામતો ગયો. જે સ્થાનિક રિવાજો ઉપયોગી જેવા જણાયા તે સર્વ સમાજોમાં દાખલ કરવામાં આવ્યા.

મેથોડિસ્ટ નીતિ રફતે રફતે બંધાઈ હતી. વેસ્લી સર્વની પાસેથી શીખવાને ખુશી હતો અને તે પવિત્ર આત્માના સ્પષ્ટ દોર્યા પ્રમાણે ચાલતો તથા તેના ઉઘાડેલા રસ્તામાં તે પ્રવેશ કરતો. ખરેખર રાજ્ય મંડળીથી અલગ થવાની તેની યોજના બીલકુલ ન હતી. રાજ્ય મંડળીએજ તેને તથા તેના અનુયાયીઓને ધકેલી કહાડયા. તેનો હેતુ ધર્મજાગૃતિનાં પરિણામ સાચવી રાખવાનો અને પોતાના બધા ખ્રીસ્તીઓને તથા સમાજોને ખ્રીસ્તી પ્રીતિ તથા સંગતના મજબૂત બંધનથી બાંધી દેવાને અને તેના હાથમાં સોંપાએલાં ઘેટાંઓની સંભાળ રાખવાનો હતો. પણ ઈશ્વરી સુત્રે તેણે રફતે રફતે નવા કરારમાં બતાવેલી મંડળી પ્રમાણે એક મોટી મંડળી સ્થાપી, જે અમેરિકામાં રાજ્યક્રાંતિની લડાઈ થયા પછી અને ઇંગ્લાંડમાં તેના મરણ નિપજ્યા પછી રાજ્ય મંડળીથી તદન અલગ થઈ ગઈ, અને હાલ આખી દુનિયાપરની સઘળી પ્રોટેસ્ટન્ટ મંડળીઓમાં સૌથી મોટી થઈ પડી છે.

વેસ્લી પોતાની પાછળ એક મહાન્, ભવ્ય અને ચિરસ્થાઈ સ્મારક મૂકી ગયો છે. ઘણા દેશોમાં પ્રસરેલી એકજ મંડળી તેનું નામ ધરાવે છે, પણ એ ધર્મજાગૃતિને પરિણામે રાજ્ય મંડળીમાં સુધારો થયો, અને બીજી મંડળીઓ જાગૃત થઈ, અને તેનો ભાવ બધી મંડળીઓનો પ્યારો ખજાનો થઈ પડયો છે.

નડિઆદ, ફ્રેડરિક વુડ.

ફેબ્રુઆરી ૧, ૧૯૧૩.

આખી દુનિયામાં પ્રસરેલું મેથોડિઝમ.

આખી દુનિયામાંની મેથોડિસ્ટ મંડળીના આંકડાઓ ૧૯૧૦ ના અકટોબરમાં નીચે પ્રમાણે હતાઃ—

	પાદરીઓ	સ્થાનિક ઉપદેશકો	મંડળીના સભાસદો	શાબ્બાથ શાળાઓ	શા. શા. ના સભાસદો
યુરોપ.					
ગ્રેટબ્રિટન ને આયર્લંડ.	૫,૮૩૨	૪૮,૩૮૦	૧૦,૮૯,૧૫૪	૧૬,૬૬૭	૨૨,૦૧,૦૯૧
યુરોપના બીજા દેશો.	૫૩૩	૫૮૯	૭૨,૫૯૫	૧,૩૧૧	૯૮,૩૩૪
યુરોપ કુલ.	૬,૪૬૫	૪૮,૯૬૯	૧૧,૬૧,૭૪૯	૧૭,૯૭૮	૨૨,૯૯,૪૨૫
અમેરિકા.					
યુનાઇટેડ સ્ટેટસ.	૪૪,૧૩૫	૩૩,૭૮૨	૫૫,૨૬,૭૫૭	૫૭,૮૫૫	૫૯,૬૫,૦૦૬
કૅનેડા.	૨,૬૧૪	૨,૫૫૮	૩,૩૯,૩૦૬	૩,૫૯૬	૩,૩૭,૫૨૫
દક્ષિણ ને મધ્ય અમેરિકા.	૧૮૪	૨૩૨	૧૯,૯૫૦	૨૮૧	૧૭,૨૬૫
અમેરિકા કુલ.	૪૬,૯૩૩	૩૬,૫૭૨	૫૯,૮૬,૦૨૩	૬૧,૮૩૨	૬૩,૧૯,૭૯૬
એશિયા.					
હિંદુસ્થાન ને મલેશિયા.	૩૬૧	૧,૩૭૧	૨,૬૧,૮૮૫	૪,૦૨૯	૧,૭૦,૫૯૫
ચીન, જાપાન, ને કોરિયા.	૫૩૬	૬૧૫	૭૮,૮૨૫	૧,૧૬૨	૮૭,૦૩૭
એશિયા કુલ.	૮૯૭	૧,૯૮૬	૩,૪૦,૭૧૦	૫,૧૯૧	૨,૫૭,૬૩૨
ઑસ્ટ્રેલેશિયા.	૧,૦૬૯	૪,૭૦૧	૧,૫૦,૮૫૦	૪,૦૨૧	૨,૪૧,૨૫૬
આફ્રિકા.	૩૪૪	૫,૮૯૩	૧,૨૯,૨૪૪	૧,૧૦૨	૫૪,૪૨૨
સમગ્ર સરવાળો.	**૫૫,૮૦૮**	**૯૮,૧૨૧**	**૮૭,૬૮,૬૧૬**	**૯૦,૧૨૪**	**૯૧,૭૨,૫૩૧**

આ ઉપરાંત ૯૯,૪૯૭ દેવળો છે; અને ૮૭,૬૮,૬૧૬ સભાસદો ઉપરાંત બીજા પણ ૨,૩૯,૫૯,૯૩૧ અનુસંગીઓ છે, જેથી કુલે **૩,૨૭,૨૮,૫૪૭ સભાસદો અને અનુસંગીઓ** થાય છે.

ફે. વુડ.

મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળી.

મેથોડિઝમની મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના આંકડા નીચે પ્રમાણે છેઃ—

	મંડળીઓ	પાદરીઓ	સ્થાનિક ઉપદેશકો	મંડળીના સભાસદો	શાબ્બાથ શાળાઓ	શા. શા. ના સભાસદો	એપવર્થ લીગો	લીગના સભાસદો
યુનાઇટેડ સ્ટેટસ.	૨૮,૪૪૯	૧૮,૯૭૮	૧૨,૩૭૧	૩૦,૯૫,૩૪૩	૨૮,૬૫૯	૩૫,૮૯,૮૭૨	૧૯,૦૦૬	૭,૭૩,૩૭૪
હિંદુસ્થાન.	૨૭૨	૨૮૬	૯૫૩	૨,૨૯,૮૬૫	૩,૮૩૬	૧,૬૧,૦૨૮	૬૦૪	૨૨,૮૪૨
યુરોપ.	૫૬૮	૬૦૩	૫૦૫	૭૦,૯૦૫	૧,૬૪૧	૯૫,૬૫૨	૩૫૭	૧૫,૦૫૭
મલેશિઆ.	૧૬૭	૭૫	૪૧૮	૩૪,૦૨૦	૧૯૩	૯,૫૬૭	૫	૧૬૫
ચીન.	૨૬૩	૩૨૬	૨,૦૭૧	૬૪,૦૦૩	૫૭૪	૨૩,૦૯૬	૨૫	૧,૯૯૩
કોરીયા.	૩૭૩	૮૨	૭૬	૨૫,૦૨૬	૨૮૧	૨૯,૫૦૮	•	•
આફ્રિકા.	૧૭૦	૯૧	૯૬	૧૨,૦૯૮	૩૧૪	૧૨,૨૦૦	૧૬	૧,૨૩૭
મધ્ય અમેરિકા.	૧૦૨	૪૬	૬૯	૧૧,૫૬૩	૧૮૫	૧૧,૩૭૨	૭૨	૩,૩૬૦
દક્ષિણ અમેરિકા.	૬૧	૮૨	૮૭	૯,૩૭૪	૧૬૨	૧૦,૧૩૩	૨૫	૮૬૪
કુલ...	૩૦,૩૯૮	૨૦,૫૬૯	૧૮,૮૪૬	૩૫,૨૦,૧૯૭	૩૫,૪૪૫	૩૯,૪૨,૪૨૯	૨૦,૧૦૮	૮,૧૮,૯૯૨

સુચના મેથોડિસ્ટ ઇપિસ્કોપલ મંડળીના મીસનેરીઓ **જાપાનમાં છે,** પણ તે દેશની બધી મેથોડિસ્ટ મંડળીના શાખાઓના સભાસદો એક થઇ ગયા છે. અને "જાપાનની મેથોડિસ્ટ મંડળી" કહેવાય છે.

૩૫,૨૦,૧૯૭ મંડળીના સભાસદો ઉપરાંત, ૮૮,૦૦,૪૯૨ અનુસંગીઓ છે, જેથી કુલે મળીને ૧,૨૩,૨૦,૬૮૯ સભાસદો અને અનુસંગીઓ છે.

હિંદુસ્તાનમાં

કૉન્ફરન્સો.	મંડળીઓ	પાદરીઓ	સ્થાનિક	સભાસદો	શા.શા.	શા. શા ના સભાસદો	એપ. લીગો	લીગના સભાસદો	નિશાળો	વિદ્યાર્થીઓ	મિલકત
											રૂ.
ઉત્તર હિંદ	૧૧૯	૧૦૬	૩૧૫	૬૬,૪૦૭	૧,૨૩૧	૪૯,૨૧૫	૧૧૨	૬,૨૨૭	૫૦૨	૧૨,૧૯૭	૨૧,૬૯,૫૭૧
દક્ષિણ હિંદ	૨૫	૩૪	૭૭	૧૯,૯૫૫	૪૦૭	૧૧,૭૮૧	૩૦	૧,૪૮૪	૧૭૫	૫,૪૧૨	૧૦,૭૮,૪૪૬
બંગાળ	૨૧	૨૪	૪૪	૭,૩૩૦	૧૦૩	૪,૪૬૯	૧૮	૯૧૩	૫૮	૪,૨૬૦	૨૧,૫૮,૬૨૭
બ્રહ્મદેશ	૪	૫	૭	૧,૦૫૮	૨૯	૧,૬૬૬	૫	૨૯૫	૯	૧,૪૮૪	૯,૭૮,૫૦૦
મધ્યપ્રાંત	૧૨	૨૧	૬૬	૫,૧૬૭	૨૨૭	૯,૯૪૨	૨૬	૧,૪૦૩	૮૪	૩,૦૪૩	૪,૬૮,૦૫૦
મુંબઇ	૨૭	૨૨	૧૫૦	૨૧,૪૮૦	૪૬૪	૧૮,૧૧૯	૯૦	૨,૧૧૮	૧૭૨	૩,૫૪૦	૧૭,૫૬,૦૮૮
વાવ્યહિંદ	૬૪	૭૪	૨૯૪	૧,૦૬,૪૫૭	૧,૩૬૫	૬૭,૮૪૫	૨૮૧	૧૦,૪૦૨	૫૨૯	૯,૬૫૧	૧૧,૭૯,૫૮૮
કુલ...	૨૭૨	૨૮૬	૯૫૩	૨,૨૭,૮૬૫	૩,૮૩૬	૧,૬૧,૦૨૮	૬૦૪	૨૨,૮૪૨	૧૫૬૯	૩૯,૦૮૭	૯૭,૮૫,૨૭૦

ફે. વુડ.